Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ

# SHREE ATMANAND PRAKASH




Vol-4 * Issue-10
JANUARY-2005
માગસર
જાન્યુઆરી-૨૦૦૫
આત્મ સંવત : ૧૦૯
વીર સંવત : ૨૫૩૧
વિક્રમ સંવત : ૨૦૬૧
પુસ્તક : ૧૦૧


मायाविनी मनोवृत्तिर्नहि क्षेमाय कल्पते ।
तस्यां निर्दम्भशल्यायां श्रेयोबीजं प्ररोहति ।।

*

મનોવૃત્તિ જ્યાં માયાવી હોય ત્યાં ક્ષેમ-કુશલને અવકાશ નથી. મન જ્યારે દંભરૂપ શલ્યથી મુક્ત બને છે ત્યારે તેમાં વાવેલું કલ્યાણબીજ અંકુરિત–પલ્લવિત થાય છે. ૨૮.

*

Deceptive mind is not fit for welfare. The seed of welfare sown in the mind, when cleared by the uprooting of deceit, tends to sprout forth. 28.

*(કલ્યાણભારતી ચેપ્ટર-૬ : ગાથા-૨૮, પૃષ્ઠ-૧૨૩)*

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# આનું નામ દાન

દુષ્કાળનું એક વર્ષ આવી જતાં મહાજનની પાંજરાપોળમાં પુષ્કળ ઢોરો આવી ગયા, પણ મહાજન કોનું નામ? આવા કામમાં થાકે કે પીછેહઠ કરે તે મહાજન નહિ.

પાંજરાપોળના વહિવટદારો કસોટી પાર કરી ગયા, પણ પચાસ હજાર રૂપિયાનો તોટો આવી ગયો. ફાળો કરવા માટે ગયા વિના હવે કોઈ છૂટકો ન હતો. નગરના મુખ્ય શ્રીમંત શેઠથી શરૂઆત કરવા માટે તેમને ઘેર ગયા. શેઠે સઘળી વાત ઉપાડી લીધી.

વૃદ્ધ શેઠ માંદગીના બિછાને હતા. હવે માંદગીમાંથી ઉઠાશે કે કેમ તેની તેમને શંકા હતી. પુણ્ય કમાઈ લેવાની તક મહાજને ઊભી કરી આપી હતી. પળવારમાં વિચાર કરીને શેઠે લાખો રૂપિયાનું મૂલ્ય ધરાવતી વીંટી આંગળીમાંથી કાઢવા પ્રયત્ન કરવા લાગ્યા. પણ વહિવટદારો સ્તબ્ધ બની ગયા. વીંટી કેમેય નીકળતી ન હતી.

હાસ્ય વેરતા શેઠે વહીવટદારોને કહ્યું 'તમે શાને મારી ચિંતા કરો છો? જો આજે આ વીંટી તમને ન આપું અને કાલે શરીરે સોજા ચડી જાય, પછી જો મરણ થાય તો મારા દીકરાઓ સગા બાપની આંગળી કાપી લઈને આ વીંટી કાઢી લેવાના છે. આવું પાપ એમને માથે મારે લગાડવું નથી. લો વીંટી કાઢવામાં મને મદદ કરો જોઉં'....શેઠે કહ્યું, અને થોડીવારમાં બધાયના પ્રયત્ને વીંટી નીકળી ગઈ.

શેઠના મોં ઉપર આનંદની સરવાણીઓ ફૂટી નીકળી.

## અભિષેક એક્સપોર્ટ

અભિષેક હાઉસ, કદમપલ્લી સોસાયટી,
જીવન ભારતી સ્કૂલ સામે, નાનપુરા, સુરત-૩૯૫૦૦૧.
ફોન : ઓ. (૦૨૬૧) ૨૪૬૦૪૪૪ ફેક્સ : ૨૪૬૩૬૫૭

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ટ્રસ્ટ રજી. નં. એફ-૩૭ ભાવનગર

* * *

**સભાના હોદ્દેદારશ્રીઓ :**

(૧) પ્રમોદકાંત ખીમચંદ શાહ—પ્રમુખ
(૨) દિવ્યકાંત મોહનલાલ સલોત—ઉપપ્રમુખ
(૩) જશવંતરાય ચીમનલાલ ગાંધી—ઉપપ્રમુખ
(૪) મનહરલાલ કેશવલાલ મહેતા—માનદ્‌મંત્રી
(૫) ચંદુલાલ ધનજીભાઈ વોરા—માનદ્‌મંત્રી
(૬) ચીમનલાલ વર્ધમાન શાહ—માનદ્‌મંત્રી
(૭) હસમુખલાલ જયંતીલાલ શાહ—ખજાનચી

* * *

સભા પેટ્રન મેમ્બર ફી રૂા. ૧૦૦૦=૦૦
સભા આજીવન સભ્ય ફી રૂા. ૫૦૦=૦૦

* * *

**શ્રી આત્માનંદ પ્રકાશ વાર્ષિક જાહેરાત દર :**

ટાઈટલ પેઈજ આખું રૂા. ૩૦૦૦=૦૦
આખું પેઈજ રૂા. ૧૦૦૦=૦૦
અર્ધુ પેઈજ રૂા. ૫૦૦=૦૦
પા પેઈજ રૂા. ૨૫૦=૦૦

* * *

શૈક્ષણિક ઉત્તેજન, જ્ઞાનખાતું, સભા નિભાવ ફંડ, યાત્રા પ્રવાસ આદિમાં વ્યાજું ફંડ માટે ડોનેશન સ્વીકારવામાં આવે છે.

* * *

**: માલિક તથા પ્રકાશન સ્થળ :**

શ્રી જૈન આત્માનંદ સભા
ખારગેઈટ, ભાવનગર-૩૬૪૦૦૧
ફોન નં. (૦૨૭૮) ૨૫૨૧૬૯૮

# શ્રી આત્માનંદ પ્રકાશ

તંત્રી : શ્રી પ્રમોદકાંત ખીમચંદ શાહ

## અનુક્રમણિકા

(૧) કર્મ : અન્ય ધર્મ અને જૈનધર્મમાં
—પ્રા. ડૉ. પ્રફુલ્લા વોરા ૨

(૨) ભાવનગર શહેરની ધન્ય ધરા પર ઉપધાન તપની મહાન તપસ્યા સંપન્ન
—અહેવાલ : મુકેશ સરવૈયા ૬

(૩) Hire & Fire
—પં. ગુણસુંદરવિજયજી ગણી ૮

(૪) પં.શ્રી ભદ્રંકરવિજયજી મ.સા.ના પ્રવચનો ૯

(૫) સમાચાર સૌરભ ૧૫

(૬) સંસારની અસારતા ઉપર નાગદત્ત શેઠની કથા
—આ.શ્રી કસ્તૂરસૂરિશ્વરજી મ.સા. ૨૦

(૭) જીવન અને આનંદ
—બચ્ચુભાઈ વાડીલાલ શાહ ૨૩

**આ સભાના નવા આજીવન સભ્ય**

શ્રી ચંદ્રેશકુમાર સોમચંદભાઈ શાહ—ભાવનગર
શ્રી ભૂપેનકુમાર ધીરજલાલ શાહ—મુંબઈ
શ્રી અતુલકુમાર ધીરજલાલ શાહ—મુંબઈ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# કર્મ : અન્ય ધર્મ અને જૈનધર્મમાં

*લેખક : પ્રા. ડૉ. પ્રફુલ્લા વોરા*

[ગતાંકથી ચાલુ.....]

આ જગતમાં આપણે કેટકેટલી ભિન્ન પ્રકૃતિના માણસો જોઈએ છીએ. કેટલાક તો નાની નાની બાબતોમાં ક્રોધથી લાલચોળ થઈ જાય છે, તો એવી જ પરિસ્થિતિમાં કેટલાકની મુખમુદ્રા શાંત હોય છે, ચહેરા પર સમતાભાવની રેખાઓ અંકિત થયેલી હોય છે. જેમ કે ચંડકૌશિક અને ભગવાન મહાવીર. કેટલાક લોકો ઘમંડથી ઘેરાયેલા હોય છે, તો કેટલાક વિનમ્રતા ધારણ કરનારા છે. દા.ત. રાવણ અને રામ. આ ઉપરાંત તિરસ્કાર-કરુણા, ભોગ-સંયમ, જૂઠ-સત્ય, ભક્ષક-રક્ષક જેવી વિરોધાભાસી વ્યવહાર પ્રકૃતિ શા માટે જોવા મળે છે? એક મનુષ્ય રાજા અને બીજો રંક શાથી? એકને ખાવા માલપુઆ ને બીજાને બટકું રોટલો ય ન મળે એવું કેમ? કોઈ સાત માળની હવેલીનો સ્વામી તો કોઈને નરક જેવી સ્થિતિ શા માટે? શા માટે આવાં વિરોધાભાસી દૃશ્યો જોવા મળે છે?

આ માટે ફિલસૂફોએ અને સંતોએ પોતાની વિચારધારાઓ પ્રમાણે સ્પષ્ટતા આપવાનો પ્રયત્ન કર્યો છે. કેટલાક ધર્મોએ આ માટેના ચોક્કસ સિદ્ધાંતો આપ્યા છે. તેઓ કહે છે કે આ તમામ બાબતોનો સર્જક ઈશ્વર છે, કારણ કે તેની ઈચ્છા વગર એક પાંદડુંય હલતું નથી. આ વાત ઈશ્વરનો કર્તાભાવ સૂચવે છે. અહીં ઈશ્વરનો કર્તાભાવ પ્રસ્થાપિત થાય છે. જો એમ હોય તો માનવ-માનવ વચ્ચે આવી અસમાનતા ન સર્જાય. આ દૃષ્ટિએ જોતા વિવિધ ધર્મોના સિદ્ધાંતો શું કહે છે તે સમજીએ.

હિન્દુ ધર્મમાં કર્મના સિદ્ધાંતને ઉપરોકત બાબતના પાયામાં ગણાવ્યો છે.[1] એક માણસ જમીનમાં ખાડો કરીને ગોટલો વાવે છે; તેનું સિંચન કરીને કાળજીપૂર્વક જતન કરે છે. બીજો માણસ બાવળ વાવે છે, બંનેના પરિણામો જુદાં છે. બાવળ વાવનાર કેરીની અપેક્ષા ન રાખી શકે. સત્કાર્યો અને સત્કર્મોનું પરિણામ આજન્મે અને પુનર્જન્મમાં પ્રાપ્ત થાય છે. આ માન્યતામાં એક વાત સ્પષ્ટ લાગે છે કે હિન્દુઓ કર્મને અદૃષ્ટ સત્તા માને છે. માટે ઈશ્વરની ભક્તિ જ માનવના સુખ-દુઃખ માટે કારણભૂત બને છે. હિન્દુધર્મના પવિત્ર ગ્રંથ શ્રીમદ્ ભગવત ગીતામાં 'કર્મયોગ'નો ઉપદેશ છે. એ અનુસાર–"કર્મ કરતી વખતે આ કર્મ હું કરું છું, એના પરિણામની ચિંતા મારા હાથમાં નથી. એ માટે તો ઈશ્વરનો કર્તાભાવ મહત્ત્વનો છે." કર્મ કરતી વખતે એટલે કે કાર્ય કરવા પાછળ પરિણામ વિષે ચિંતા ન કરવી એવું જણાવવામાં આવ્યું છે.

ખ્રિસ્તી ધર્મમાં ઈશ્વરને બુદ્ધિનો વિષય માનવાને બદલે શ્રદ્ધાનો વિષય ગણ્યો છે, તેથી સારાં-નરસાં કર્મોનો બદલો ઈશ્વર જ આપે છે. સત્યનું આચરણ કરનારને સુખપ્રાપ્તિ અને દુરાચરણ કરનારને દુઃખપ્રાપ્તિ થાય છે, ઈશુ ખ્રિસ્તે જણાવ્યું હતું કે ઈશ્વર પ્રેમાળ પિતા છે અને ક્ષમાની સાક્ષાત્ મૂર્તિ છે, માટે તે દુષ્કૃત્યો કરનારને પણ ક્ષમા કરી દે છે અને માફી આપે છે. પછી તેને કર્મનું વિપરીત ફળ ભોગવવું પડતું નથી.

હવે વ્યક્તિ જો પોતે જે કાંઈ કરે, એને ઈશ્વર આધીન માનવામાં આવે તો વ્યક્તિની

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પોતાની જવાબદારી શું? પોતાના કર્મની ફલશ્રુતિ પોતાના શિરે નહીં? આમ, ખ્રિસ્તી ધર્મમાં કર્મની બાબત બહુ વિચારવામાં આવી નથી.

ઈસ્લામ ધર્મના સિદ્ધાંતો સરળ છે. તેમાં તત્ત્વજ્ઞાનની બહુ ગૂંચો નથી. કર્મના સિદ્ધાંત વિષેનો અહીં ખ્યાલ જુદો છે. આ ધર્મના અનુયાયીઓ પુનર્જન્મમાં માનતા નથી. હિંદુ ધર્મ મુજબ કર્મનું ફળ આત્માના પુનર્જન્મ માટે જવાબદાર છે. જ્યારે મુસ્લિમો માને છે કે માનવનું મૃત્યુ થાય ત્યારે તેને દફનાવાથી દેહ સાથે આત્મા પણ વિદ્યમાન હોય છે. કયામતના દિવસે વ્યક્તિએ કરેલાં કાર્યો અનુસાર મૃતદેહને ફિરસ્તાઓ અલ્લાહના દરબારમાં હાજર કરે છે, ત્યાં તેનું ભાવિસ્થાન નક્કી થાય છે. આમ કર્મનાં પુદ્‌ગલો આત્માને લાગે, અને એ અનુસાર પુનર્જન્મ સંભવે એવો ખ્યાલ આ ધર્મના સિદ્ધાંતોમાં નથી.

જો આત્મા સ્વર્ગ કે નરકમાં સ્થાન પામે, તો એ ત્યાં કયાં સુધી રહે? એ પછી એ આત્માનું સ્થાન કયાં? જેવા કોઈ ખુલાસાઓ નથી.

બૌદ્ધ ધર્મમાં કર્મને મહત્ત્વ આપવામાં આવ્યું છે. તે અનુસાર ઈશ્વર હોય કે ન હોય; જગત નિત્ય હોય કે અનિત્ય, માનવ પોતાના કર્મ અનુસાર સ્વતંત્ર રીતે જ, પોતાના પ્રબળ પુરુષાર્થથી આત્મસાક્ષાત્કાર કરે છે. અંતે નિર્વાણપદનો અધિકારી બને છે. તેઓ આત્મા તત્ત્વને સ્વીકારતા નથી. ભગવાન બુદ્ધ માનતા હતા કે પુણ્યનો સંચય કરવા માટે ક્રિયાકાંડોની જરૂર નથી. આત્માને બદલે તે જીવ રૂપ, વેદના, સંજ્ઞા, સંસ્કાર, વિજ્ઞાન જેવા પાંચ પદાર્થોનો બનેલો, હંમેશા વહેતો અને પરિવર્તનશીલ એવો ચેતના પ્રવાહ છે. આ ચેતના પ્રવાહ પર વિજય મેળવી, તેને સ્થિર કરવાથી નિર્વાણની પ્રાપ્તિ થાય છે. માટે આત્મા પર કર્મનાં પુદ્‌ગલો વિષે અહીં પણ જણાવાયું નથી.

એ જ રીતે શીખ ધર્મમાં અનુસાર : અન્ય બાબતો સૂચવવામાં આવી છે. એમાં કહ્યું છે, ''હે માનવ! તું તારા શરીરને એક સારું ખેતર બનાવ. તેમાં સત્કર્મરૂપી બીજ વાવીને પ્રભુના નામરૂપી જળનું સિંચન કર. તારા હૃદયને ખેડૂત બનાવ. અંતે ઈશ્વર તારા હૃદયમાં ઊગી નીકળશે. અને તું દિવ્યપદને (નિર્વાણપદને) પામી શકીશ.'' આમ, અહીં સત્કૃત્યો પર ભાર મૂકાયો છે. જે કર્મની સાથે જોડાયેલી બાબત છે. પરંતુ આનાથી વધારે ઊંડાણ અહીં નથી. આત્મા આ કાર્યોનું પરિણામ સીધું જ પ્રાપ્ત કરે? પુનર્જન્મનાં કર્મો ખપાવવા પડે? કયા પ્રકારનાં કર્મોનું શું પરિણામ આવે? જન્મ-મરણનાં પરિભ્રમણ પાછળ કયું પ્રેરક તત્ત્વ કામ કરે છે? આવા પ્રશ્નોના ઉત્તર માટેનાં સમાધાનો આ સિદ્ધાંતો પાસે નથી.

જૈન ધર્મ કર્મના સિદ્ધાંતને ઘણાં ઊંડાણથી સમજાવે છે. 'માણસ વાવે તેવું લણે' આ સિદ્ધાંત અજાણ્યો નથી, પરંતુ દરેક ભવ આગલા ભવનાં કર્મોનું પરિણામ છે; પ્રત્યેક આચાર, વિચાર તેના કર્તાના સંચિત સ્વરૂપ ઉપર અસર કરે છે; પુણ્ય-પાપનાં ફળ વર્તમાન જીવનમાં પૂરાં ભોગવાતાં ન હોય તો તે મૃત્યુની પેલે પાર સુધી પણ પહોંચે છે અને નવા ભવનું કારણ બને છે; અમુક યોનિમાં અમુક કાળ માટે જે તે જીવે જન્મવું પડે છે; પ્રત્યેક ભવ તે અનાદિ અને ભાવિ ભવમાળાને જોડતી કડી છે જેવી બાબતો વિષે જૈનદર્શનમાં ઘણું જ વિચારાયું છે.

હિંદુઓના મતે કર્મ અલૌકિક શક્તિ છે, જે આત્માને વળગેલા સૂક્ષ્મ દેહરૂપે અવિકારી સાત્ત્વિક પડરૂપે ચોંટી જાય છે, પરંતુ આત્માને ચોંટતી નથી. જૈનો કર્મને સંપૂર્ણ સ્વતંત્ર તત્ત્વ માને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છે. એ માટે તેઓ પુદ્‌ગલ શબ્દ પ્રયોજે છે. સૂક્ષ્મ કર્મ-પુદ્‌ગલ જીવને લાગે છે જીવ અને કર્મનો સંબંધ અનાદિકાળથી ચાલ્યો આવે છે. જીવ કોઈપણ કાર્ય કરવા માંડે કે તરત જ તે જ આકાશપ્રદેશમાં રહેલા કર્મપરમાણુ એને વળગે છે. તે જીવ સાથે ભળી જાય છે. પુદ્‌ગલ આત્માને વળગીને જે વિકાર કરે છે તેની ઊંડી સમજ અહીં આપી છે.

જૈનદર્શન પ્રમાણે કર્મની આઠ મૂળ પ્રકૃતિ છે. તેના પણ અન્ય પ્રકૃતિ પ્રમાણે પેટા પ્રકારો છે. પરંતુ અહીં મૂળ આઠ પ્રકારની ચર્ચા કરવાનો ઉપક્રમ છે.

**(૧) જ્ઞાનાવરણ કર્મ** : જે કર્મ જીવને પોતાના શુદ્ધ સ્વરૂપમાં હોય તે જ્ઞાન ઉપર આવરણ મૂકે છે, તે જ્ઞાનાવરણ કર્મ તરીકે ઓળખાય છે. તે ચક્ષુની દૃષ્ટિને રૂંધનારા વસ્ત્ર જેવાં છે. એટલે કે પદાર્થના સાચા સ્વરૂપનું જ્ઞાન પામતાં તે અટકાવે છે.

**(૨) દર્શનાવરણ કર્મ** : જીવને પોતાના શુદ્ધ સ્વરૂપમાં જોવાની જે શક્તિ હોય એના ઉપર આવરણ મૂકે તે દર્શનાવરણ કર્મ. એટલે કે પદાર્થને એના સાચા સ્વરૂપમાં પૂર્ણ કે વિભાગમાં જોતા અટકાવે તે. તેની સરખામણી રાજાનાં દર્શનને રોકનારા દ્વારપાળ સાથે કરી છે.

**(૩) વેદનીય કર્મ** : જીવને પોતાના શુદ્ધ સ્વરૂપમાં જે આનંદ હોય તેના ઉપર આવરણ મૂકે છે. આ કર્મ જીવને સાંસારિક સુખ-દુઃખમાં અસર કરે છે. એટલે કે તે સુખ-દુઃખનો અનુભવ કરાવનાર કર્મ છે. જેમ તલવારની ધાર પર મધ ચોંપડેલું હોય અને એ માણસ મોંમા નાખે ત્યારે મળતાં સુખ-દુઃખ જેવો અનુભવ અહીં જોવા મળે છે.

**(૪) મોહનીય કર્મ** : આ કર્મ શ્રદ્ધા અને ચારિત્રનો નાશ કરનારું છે. માણસે પોતે ગાળેલો દારૂ જયારે એ પીએ ત્યારે તે આત્મા સારું-નરસું પરખવાની શક્તિ વગરનો બની જાય છે. એ રીતે મોહનીય કર્મના અંતરાયથી જીવ પોતાના સાચા જ્ઞાનથી અને સાચા ચારિત્રથી દૂર રહે છે. મોહનીય આવરણના બીજા પણ ભેદ છે જે વિશેષ બાધારૂપ બને છે.

**(૫) આયુષ્યકર્મ** : જે કર્મ આયુષ્યનું પ્રમાણ આપે છે, તે આયુષ્યકર્મ છે. મનુષ્યનો જીવ ચાર ગતિમાં પરિભ્રમણ કરે છે. દેવ, મનુષ્ય, તિર્યંચ અને નારકી. આ ગતિમાં જીવનની મર્યાદા આ કર્મ દ્વારા બંધાય છે. એટલે કે આ કર્મના બંધથી ભવોભવ જીવની ઉત્પત્તિ કઈ ગતિની મર્યાદામાં થશે તે નક્કી થાય છે. આયુષ્ય કેટલા કાળનું તે નહીં પણ જીવનક્ષેત્રના વિસ્તારની મર્યાદા આ કર્મથી નક્કી થાય છે. દા.ત. કોઈ વ્યક્તિ તળાવમાં તરવાનું નક્કી કરે અને તે તળાવમાં પડે ત્યારે તેને કેટલો સમય તરવાનું છે તે નહીં પણ એમાં કેટલું તરવાનું છે, એટલે કે એમાં કેટલું જીવન જીવવાનું છે, એ કર્મથી સૂચિત થાય છે. માટે તેની સરખામણી માણસની ઇચ્છા પ્રમાણે જતાં રોકી રાખનારી સાંકળ સાથે કરી છે તેના ચાર ભેદ છે.

**(૬) નામકર્મ** : આ કર્મ ચિત્રકાર જેવું છે. જેમ ચિત્રકાર પોતાની સામેનાં ચિત્રમાંના માણસોને જુદો જુદો રંગ આપીને ચીતરે છે, એ રીતે આ કર્મનો બંધ જીવને જુદી જુદી યોનિ આપનાર છે. ગતિનામકર્મ ઉપર જણાવ્યા અનુસારની ચાર ગતિમાં જન્મ આપે છે. આનુપૂર્વી નામકર્મથી એક ભવ પૂરો થતાં, જીવ ત્યાંથી પોતાના નવા ભવને સ્થાને પહોંચે છે. જાતિનામકર્મથી જીવ કેટલી ઈન્દ્રિયોવાળી યોનિમાં જન્મશે તે નક્કી થાય છે. શરીરનામકર્મથી જીવનું શરીર તેમજ અન્ય નામકર્મ (પેટા પ્રકારના)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જીવના અંગ-ઉપાંગો, બંધારણ, વર્ણ, ગતિ, પ્રમાણ, શક્તિઓ, સ્વભાવ, જેવી અનેકવિધ બાબતો નક્કી કરે છે. ટૂંકમાં નામકર્મ જીવની યોનિ, અને ઉપરોક્ત બાબતોનું નિયંત્રા છે.

(૭) **ગોત્રકર્મ :** આ કર્મ જીવને ઊંચું કે નીચું ગોત્ર આપે છે. એ અનુસાર જીવ એ ગોત્રમાં જન્મ ધારણ કરે છે. તેની સરખામણી કુંભાર સાથે કરવામાં આવી છે. જેમ કુંભાર સારા-નરસા ઘડા ઘડનાર છે, એ રીતે ગોત્રકર્મ જીવને ગોત્રમાં સ્થાન આપે છે.

(૮) **અંતરાયકર્મ :** આ કર્મ પાંચ પ્રકારે જીવની શક્તિ સામે અંતરાય મૂકે છે. જે રીતે ભંડારમાંથી ધન વાપરવાનું હોય પણ ધનરક્ષક એ ધન વાપરતાં અટકાવનાર હોય, એ રીતે અંતરાયકર્મ દાન, લાભ, ભોગોપભોગ અને વીર્ય સામે અંતરાય મૂકનાર કર્મ છે. દાન અંતરાયકર્મ માણસને દાન દેતાં તો લાભ અંતરાયકર્મ દાન લેતાં અટકાવે છે. ભોગ અંતરાયકર્મ એક જ વખત ભોગવી શકાય તેવાં દ્રવ્યો (ભોજન, જળ વગેરે) સામે અને ઉપભોગ કર્મ વારંવાર ભોગવી શકાય તેની સામે (ઘર, વસ્ત્ર, સ્ત્રી) અંતરાય મૂકે છે. વીર્ય અંતરાયકર્મ શારીરિક શક્તિ સામે અવરોધ જન્માવે છે.

આ રીતે ઉપરોક્ત આઠ કર્મ અને તેના ૧૪૮ ભેદ જૈનધર્મમાં કર્મના સિદ્ધાંતને અતિ સૂક્ષ્મતાથી સમજાવે છે. જેમાં પ્રથમ ચાર કર્મ જ્ઞાન, દર્શન, વેદનીય અને મોહનીય કર્મ જીવના સ્વાભાવિક ગુણોનો નાશ કરે છે, એટલે તેને **ઘાતિકર્મ** કહે છે. જ્યારે બાકીના ચાર કર્મ-આયુષ્ય, નામ, ગોત્ર અને અંતરાય કર્મ **અઘાતિ-કર્મ** છે. આ કર્મો આત્માના સ્વાભાવિક ગુણો નાશ કરતાં નથી, પણ તેનામાં અસ્વાભાવિક ગુણો ઉત્પન્ન કરે છે.

આમ, પ્રત્યેક કાર્ય કરતાં જીવ પોતાના આત્મપ્રદેશમાં સૂક્ષ્મ પુદ્ગલ પરમાણુઓને આકર્ષે છે, એ પરમાણુઓ કર્મસ્વરૂપે બંધાય છે અને તે કર્મની સાથે જીવ સંબંધાય છે. આપણે જે આહાર લઈએ છીએ, તે રૂપાંતર પામીને લોહી વગેરે ઈત્તર પદાર્થોનું સ્વરૂપ લે છે, એ રીતે કર્મ આઠ ભાગમાં-તેના વિભાગોમાં વહેંચાઈને જીવ સાથે સંબંધ સ્થાપે છે. જેમ ઔષધિની અસર લાંબા-ટૂંકા ગાળે થાય છે, એ રીતે કર્મબંધની અસર લાંબા-ટૂંકા સમય સુધી પહોંચે છે.

હિંદુ અને જૈન બંને ધર્મમાં શુભ-અશુભ કર્મ અને તેના પાપ-પુણ્યમાં ઉમેરો-ઘટાડો, પ્રારબ્ધરૂપે તેનું પ્રગટીકરણ કે પૂર્વ કાર્યથી સંચિતરૂપે ગોઠવાયેલાં કર્મો સ્વરૂપે જીવ સાથેનો સંબંધ સ્વીકાર્યો છે. જૈનોના કર્મગ્રંથ જેવાં શાસ્ત્રોમાં કર્મના સિદ્ધાંતની અતિ સૂક્ષ્મ સમજ આપી છે. અહીં આટલી ચર્ચાથી સમાપન કરતાં કહી શકાય કે

જીવ-આત્મા-કર્મ-ભવ-પરંપરા વગેરે વચ્ચે અતૂટ સંબંધ નિર્દોષવામાં ગ્રંથો-સંતો અને અભ્યાસુઓ પ્રવૃત્ત છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# ભાવનગર શહેરની ધન્ય ધરા પર ઉપધાન તપની મહાન તપસ્યા સંપન્ન

શ્રી ભાવનગર જૈન શ્વે.મૂ.તપા. સંઘના ઉપક્રમે દાદા સાહેબ વિભાગના આંગણે ગત તા.૧-૧૧-૦૪ના રોજ પૂ.આ.શ્રી ભુવનભાનુ સૂરિશ્વરજી મ.સા.ની દિવ્ય કૃપા, ગચ્છાધિપતી પૂ.આ.શ્રી જયઘોષસૂરિજી મ.સા.ના શુભાશિષ, પૂ.ઉપા.શ્રી વિમલસેન વિજયજી મ.સા. મુહૂર્તદાતા, પૂ.પં.શ્રી જયતિલક વિજયજી મ.સા. તથા પૂ. શાસન સમ્રાટ આદિ સમુદાયના પૂ. સાધુ-સાધ્વીજી ભગવંતોની શુભ નિશ્રામાં અને આ મહાન ઉપધાન તપની પૂ.આ. દેવશ્રી વિજયજગવલ્લભ-સૂરિજી મ.સા.ના શિષ્યરત્ન પૂ. ગણિવર્યશ્રી મુક્તિવલ્લભવિજયજી મ.સા., પૂ. મુનિરાજશ્રી ઉદયવલ્લભવિજયજી મ.સા. આદિ સાધુ-સાધ્વીજી ભગવંતોની શુભ નિશ્રામાં ઉપધાન તપની આરાધનામાં કુલ માળ ૪૭૦, પાંત્રીસુ-૭૭, અઠ્યાવીસુ-૩૫, અઢારીયુ-૧૦ મળી કુલ ૫૯૨ આરાધકો જોડાયા હતા. જેમાં પુરૂષોની સંખ્યા ૧૩૫ તથા બહેનોની સંખ્યા ૪૫૭ હતી. આ ઉપધાન તપ આરાધનામાં વકીલો, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ, એન્જિનીયર, વેપારીઓ તથા વિદ્યાર્થીઓ પણ જોડાયા હતા. ઉપરાંત ૧૪ વર્ષથી નીચેના બાળકોની સંખ્યા ૮૦ હતી.

આ ઉપધાનના મુખ્ય લાભાર્થી મેનાબેન વિનયચંદ કુંવરજી શાહ પરિવાર હ. વસુબેન રમેશભાઈ, રીનાબેન દર્શકભાઈ, વિશ્વા દર્શકભાઈ તથા સહલાભાર્થી પારેખ મધુકાંતાબેન અનંતરાય જનમાદાસ પરિવાર તથા અ.સૌ. સવિતાબેન પ્રવિણચંદ્ર કચરચંદ દાઠાવાળા પરિવાર રહ્યા હતા.

૪૫ દિવસીય આ ઉપધાન તપના તપસ્વીઓની દિવ્ય શોભાયાત્રા તા.૧૯-૧૨-૦૪ને રવિવારના રોજ સવારના ૯=૦૦ કલાકે દાદાસાહેબ દેરાસરેથી નીકળી હતી. જેમાં હજારોની માનવ મેદની ઉપસ્થિત હતી. ઘોઘા દરવાજા ખાતે તપસ્વીઓને પુષ્પાંજલિથી વધાવવા એક ખાસ વિમાને આકર્ષણ ઊભું કર્યું હતું. બાલ તપસ્વી આરાધકો માટે ખાસ બેબી ટ્રેઈનની વ્યવસ્થાથી જૈન-જૈનેતરો અભિભૂત બન્યા હતા. ૭૫ ઊંટગાડી, ૫-ગજરાજો, અશ્વ સવારો, વિવિધ પાઠશાળાના બેન્ડો તથા મુંબઈ-વીલેપાર્લાના શ્રી બુદ્ધિસાગરસૂરિ મંડળે તો ભાવિકોને ભક્તિ સંગીતના સૂરે ભાવ વિભોર બનાવી દીધા હતા. શોભાયાત્રાના રૂટપરના રાજમાર્ગો પર બહેનોએ કલાત્મક રંગોળીઓના શણગાર સજાવી પોતાની કલાના દર્શન કરાવ્યા હતા. પાઠશાળાના નાના-નાના બાલક-બાલિકાઓએ વિવિધ વેશભૂષા દ્વારા સમગ્ર મેદનીના મન મોહી લીધા હતા. તો ગામડાની ભજન મંડળીઓએ પણ રંગ જમાવ્યો હતો. આમ, સમગ્ર શોભાયાત્રાએ તથા સુંદર વ્યવસ્થાએ જૈન શાસનનો જય જયકાર કર્યો હતો.

તા.૨૧-૧૨-૦૪ને સોમવારના રોજ ગુલિસ્તા ગ્રાઉન્ડ આતાભાઈ રોડ ખાતે આ ઉપધાનતપના ૪૭૦ તપસ્વીઓને પર્વમાળા આરોપણ કરવામાં આવી હતી. આ નિમિત્તના ત્રિ.દિવસીય મહોત્સવમાં હજારો જૈન-જૈનેતરોએ આ ૫૯૨ ઉપધાન તપના આરાધકોના દર્શનનો લાભ લીધો હતો. વિશાળ મંડપના આયોજનથી જનમેદની અભિભૂત બની ગઈ હતી. આ દિવ્ય કાર્યક્રમમાં જૈન સમાજના પૂ. સાધુ-સાધ્વીજી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભગવંતો, શહેરના આગેવાનો સહિત હજારોની સંખ્યામાં જૈન-જૈનેત્તરોએ ઉપસ્થિત રહી શાસન શોભામાં અભિવૃદ્ધિ કરી હતી.

શોભાયાત્રા તથા માળારોપણના બન્ને દિવસે શ્રીસંઘ સ્વામીવાત્સલ્યનો લાભ આયોજક પરિવારો મેનાબેન વિનયચંદ કુંવરજી શાહ પરિવાર, મધુકાંતાબેન અનંતરાય જમનાદાસ પારેખ પરિવાર, તથા અ.સૌ. સવિતાબેન પ્રવિણચંદ્ર કચરચંદ દાઠાવાળા પરિવારે લીધો હતો.

ઉપધાન તપના આરંભથી પર્વમાળાના ૪૫ દિવસ સુધી પ્રાર્થના જૈન યુવક મંડળના મુખ્ય કાર્યકર્તા શ્રી મનીષભાઈ કનાડીયા તથા મંડળના દરેક ભાઈઓએ રાત-દિવસ જોયા વિના તન-મન-ધનથી આરાધકોની સેવા બજાવી હતી. તો બન્ને દિવસના સ્વામીવાત્સલ્ય સંઘમાં ઉપસ્થિત ૨૦ થી ૨૫ હજાર સાધર્મિક ભક્તિના કાર્યમાં તથા ભાવનગરના દરેક વિભાગના ભાઈઓ તથા બહેનોના જૈન મંડળોએ અનુમોદનીય સેવા બજાવી હતી. કહેવાય છે કે ભાવનગરના શ્રીસંઘના સંગઠનની ભારતમાં ગણના થાય છે. પરંતુ આ ઉપધાન તપના આયોજને તો આ સંગઠનને શાસનની સેવામાં ચાર ચાંદ લગાવી દીધા છે. ભાવનગરમાં વસતા દરેક જૈન શ્રાવક-શ્રાવિકાઓએ તો જાણે પોતાના ગૃહાંગણે મહોત્સવ હોય તેવો આનંદ અને હર્ષ અનુભવ્યો હતો.

આમ, ભાવનગરના શહેરની ધન્ય ધરા પર વર્ષો પછી આ ઉપધાન તપની આરાધના શાસન શોભારૂપ અને શાસનના જય જયકાર સાથે સંપન્ન થઈ હતી.

*અહેવાલ : મુકેશ સરવૈયા*
*શ્રી જૈન આત્માનંદ સભા, ભાવનગર*




For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# Hire & Fire ભાડેથી મેળવો અને પછીથી ધમકાવો

*પૂ. આચાર્યદેવશ્રી વિજય ભુવનભાનુસૂરિજી મ.ના શિષ્ય પં. ગુણસુંદર વિજયજી ગણી*

માનવીને કોઈક વસ્તુની થોડા સમય માટે જરૂર પડે છે ત્યારે તે ચીજને ભાડાથી મેળવે છે. આમાંનું કેટલુંક લાંબા સમય માટે ભાડે લેવાનું હોય છે તો કેટલુંક ટૂંકા સમય માટે પણ ભાડે લેવાય છે. મનુષ્ય હવે મનુષ્યને પણ ભાડે લેતો થઈ ગયો છે. થોડા કે વધુ સમય માટે એ એની સાથે એગ્રીમેન્ટ કરી લઈ એની પાસેથી અમુક કાર્ય કરવા-કરાવવાનું નક્કી કરી લે તો હોય છે.

વિવેકયુકત માનવ ભાડાની વસ્તુનો પણ વિવેકપૂર્ણ ઉપયોગ કરતો હોય છે, ભાડુ પુરૂં વસૂલ કરવાનો ખોટો મોહ નથી કરતો અને એટલે જ વસ્તુનો દુરુપયોગ કરવાનું ટાળે છે. એ જ રીતે ઘરના કે દુકાનના નોકરો વગેરે સાથે પણ સદ્વ્યવહારપૂર્ણ જ વ્યવહાર કરતો હોય છે. કલ્પસૂત્રશાસ્ત્રમાં રાજા સિદ્ધાર્થના નોકરિયાતવર્ગ માટે કૌટુમ્બિક પુરૂષ જેવા માનાર્હ શબ્દો યોજાયા છે. અને ખરેખર નોકરિયાત વર્ગને જયારે ઘરના માણસ જેવી જ ટ્રીટમેન્ટ મળે છે ત્યારે માલિકને એનું વળતર પણ એવું સુંદર મળતું હોય છે.

કેટલાક એવા પણ વિચારના હોય છે કે નોકરિયાત પાસે કામ કરાવવું હોય તો Fire કરો એને ખખડાવો ધમકાવો! એનો તિરસ્કાર કરો એના પર ક્રોધ કરો. આ નોકરિયાત વર્ગને આ રીતે Firing કરો તો જ તે આપણું ધાર્યું કામ કરે. એમ જ્યાં ધારેલી ક્ષમતા (Quality) મુજબનું કામ ન થતું હોય ત્યાં પણ સામેની વ્યક્તિને ધમકાવો તો જ તમારૂં કામ વ્યવસ્થિત થશે. આવા લોકો સામીવાળી વ્યક્તિને ભાડે રાખેલું મશીન સમજે છે અને એની પાસેથી વધુમાં વધુ અને સારામાં સારૂં કામ લેવાની અપેક્ષા રાખે છે. આવી વર્તણુંક અવિવેકતાનું ફળ છે.

પુણ્યના બે પ્રકાર છે. પુણ્યાનુબંધી પુણ્ય; પાપાનુબંધી પુણ્ય. બન્ને પ્રકારના પુણ્ય સામગ્રી-સગવડતા લાવી આપે છે. પણ પાપાનુબંધી પુણ્યના ઉદય વખતે જીવ, સામેવાળા જીવની પરિસ્થિતિ-ક્ષમતા વગેરે ભૂલી જઈ, હિંસક બની એનો કસ કાઢવાના રસવાળો હોય છે. સામી વ્યક્તિનો એ વિચાર કરવા તૈયાર જ નથી હોતો. સામી વ્યક્તિનું જે થવું હોય તે થાય, મને સુખની સામગ્રી મળવી જોઈએ. વળી આવો જીવ ''ચારગતિરૂપ અને વિષય-કષાયરૂપ સંસારને છોડવા જેવો છે'' એવું સમજવા--સ્વીકારવા તૈયાર નથી હોતો. એને ઉપકારી દેવ-ગુરુ-ઘરના માતા-પિતા આદિના પૂજન-સન્માનમાં રસ નથી હોતો અને શીલ-સદાચારના આચરણો એને પસંદ હોતા નથી. એની એક ધૂન હોય છે. ખાવો-પીવો-આનંદ કરો. (ઇટ ડ્રીન્ક બીમેરી)

આવા નબળી કોટિના પુણ્યવાનને કર્મસત્તા પૌદ્ગલિક સુખ માટેની સામગ્રી આપી દે છે પણ પછીથી દુર્ગતિમાં એનું Firing હેરાનગતિ કરતી હોય છે.

બાકી પુણ્યના ઉદયથી મળેલી સામગ્રીનો સદુપયોગ કરવામાં આવે, એવા સમયે સામેવાળા જીવોની અનુકમ્પા, કરુણા, યતના, ચારે ગતિરૂપ સંસારની સાચી ઓળખાણ અને 'હું ક્યારે આનાથી છૂટું?' એવો વૈરાગ્ય, વિષય-કષાયની મંદતા, સદાચાર, સદાચારિયો પર આંતર બહુમાન, સદાચારોનું શક્ય પાલન, દેવ-ગુરુ પર શ્રદ્ધા-ભક્તિ, શક્તિ અનુસાર દાન-ત્યાગ, ઇન્દ્રિયો પર નિયમન વગેરે કરવાથી નવું જોરદાર પુણ્ય બંધાય છે આવું પુણ્યાનુબંધી પુણ્ય એને આગળ વધારતા વધારતા કર્મની નિર્જરા પર લઈ જાય છે અને અનુક્રમે સર્વ કર્મ-કષાયનો ક્ષય કરાવી પરમ આનંદ-અનંતજ્ઞાન, અનંતવીર્ય આદિની સંપત્તિ પ્રાપ્ત કરાવે છે. Firing કરવું જ છે તો તો પછી અશુભકર્મો અને કષાયો-વિષય લગન પર જ કરવું પડે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# પંન્યાસશ્રી ભદ્રંકરવિજયજી મ.સા.ના પ્રવચનો

(સં. ૨૦૧૮ પો. સુદ ૭ શુક્રવાર, સ્થળ : પોળની શેરી-પાટણ)

## વ્યાખ્યાન : ૫

**मंगलं भगवान् वीरो, मंगलं गौतमप्रभु।**
**मंगलं स्थूलिभद्राद्या, जैनधर्मोऽस्तु मंगलं॥**

શ્રી તીર્થંકર ભગવંતનું સ્મરણ, ગણધર ભગવંતનું સ્મરણ, સાધુ ભગવંતનું સ્મરણ અને ધર્મનું સ્મરણ આ ચાર વસ્તુની મનને જરૂર છે. અને તો જ મનની ભૂખ ભાંગે છે. મનના અપ્રશસ્ત તૃષાદિ તો જ છીપે છે. અન્યથા નહિ.

વિષયની તૃષ્ણા એ ખારૂં પાણી છે. તેનાથી તૃષ્ણા છીપે નહિ. અરિહંતનું સ્મરણ એ અમૃતનું પાન છે. તેનાથી જીવની તૃષા છીપે છે. અસત્ તૃષ્ણા સહજ છે. સત્ તૃષ્ણા નવી જ જગાડવાની છે. તે પ્રયત્નથી જાગે.

આર્તધ્યાન જીવોને સહજ છે. તેના નિવારણનો ઉપાય અરિહંતાદિનું સ્મરણ છે. વર્તમાન કાલીન સુખનો વિચાર એ આર્તધ્યાનનું કારણ છે. મોક્ષના પરમ સુખની પ્રાપ્તિનો વિચાર એ આર્તધ્યાન નિવારણનો ઉપાય છે. સમ્યગ્દષ્ટિ આર્તધ્યાન નિવારણના ઉપાયોમાં પોતાનો પુરુષાર્થ ફોરવે છે. આર્તધ્યાન ટાળવાના ઉપાયોને તે સારા ગણે છે. માત્ર દાનાદિને નહિ. માટે જ જિનેશ્વરના ધર્મ સિવાય તે ચક્રવર્તીપણું પણ ઇચ્છતો નથી. જેનાથી આપણા ચિત્તમાં ધર્મવૃત્તિ જાગે તે બધાં સાધનોને પણ ધર્મ કહી શકાય.

સમ્યગ્દષ્ટિ ચક્રવર્તીપણાથી પણ જિન-શાસનને અધિક ગણે છે. તેમાં શું રહસ્ય છે? તે વિચારવું જોઈએ. તેનું કારણ એ છે કે જિન-શાસનની પ્રાપ્તિ વિના ચક્રવર્તીપણાની ઋદ્ધિ પણ જીવને આર્તધ્યાન કરાવી દુર્ગતિમાં લઈ જાય છે. જિનશાસનની પ્રાપ્તિ થાય તોજ બીજા સાધન સાચાં સાધન બની શકે. અન્યથા બંધન બને છે. અને તેથી સંસારની વૃદ્ધિ થાય છે.

ચાર ગતિરૂપ સંસારનું કારણ પાંચ વિષય અને ચાર કષાય છે. કષાય એ અભ્યંતર સંસાર છે. એ જેટલો દ્રઢ બને તેટલો બાહ્ય સંસાર દ્રઢ બને છે. અંતરનો સંસાર જો શિથિલ હોય, તો બહારનો સંસાર પણ શિથિલ બને છે. બહારના સંસારના સંબંધને બગાડનાર અંદરનો સંસાર છે. જો વિષય-કષાય પાતળા પડે તો બહારનું બધું ઉન્નતિમાં કારણ બની જાય. અને જો વિષય-કષાય દ્રઢ હોય તો બધા સંબંધ અને સંસાર બગડી જાય છે.

જેના મનમાં વિષય-કષાયની બળવત્તરતા છે, તેને જ શરીર - સંયોગ - વિયોગ - રોગ - શોગ અત્યંત પીડાકારક બને.

પહેલે ગુણઠાણે જીવને રાગ - દ્વેષના તીવ્ર પરિણામ હોય છે. પોતાના પરિણામને તપાસીને પોતાનું ગુણઠાણું પોતે નક્કી કરવું.

બીજા વ્યવહારથી આપણને ઊંચા માને તેમાં સામા જીવની ઉત્તમતા કારણભૂત છે. પણ આપણે ઉત્તમ હોઈએ તો બધાં જ સંયોગો સહાયભૂત બને છે. આપણી ઉત્તમતા અને પાત્રતાનું માપ એ છે કે આપણે અંતરથી જેવા હોઈએ તેવા આપણને માનવા અને બીજાના ઉપકારને માન્ય કરી આપણી જાતને સુધારવા હંમેશા તત્પર રહેવું.

**स्वयं च त्रायसे विश्वम्!** હે નાથ...! તારી પાસે હું શું માંગું...? તું પોતાની મેળેજ અમારૂં રક્ષણ કરે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છે. આ ભાવ આવે તો નમસ્કાર સહેલો લાગશે. નમસ્કાર માગે છે નમ્રતા...નમ્રતા એટલે આપણે ઘણા જ નાના છીએ, એવું સતત ભાન. આપણે નમસ્કાર કરાવવા લાયક નહિ પણ નમસ્કાર કરવા લાયક છીએ. અતિ પામર છીએ એવું ભાન તેનું નામ નમ્રતા.

આઠ કર્મોથી બંધાયેલા છીએ તેથી નમસ્કાર કરવા લાયક છીએ. અનેકને પીડાકારક છીએ. કોઈનું ભલું કરતા નથી. સૌનો અપરાધ કર્યો છે. તેથી જ 'ખામેમિ સવ્વ જીવે' એટલે 'હું સર્વ જીવને ખમાવું છું, સૌની પાસેથી ક્ષમા માંગું છું.' આ ભાવને ભાવિત કરવાનો છે. અને એનું જ નામ નમસ્કાર છે.

મહાપુરુષો કહે છે કે આપણું કોઈ દુશ્મન નથી પણ પૂર્વના ઉપાર્જન કરેલા આપણાં કર્મ જ અપરાધી છે. બીજા તો માત્ર નિમિત્તભૂત છે. એટલે વાસ્તવિક દૃષ્ટિએ કર્મ સિવાય આ જગતમાં આપણું દુશ્મન કોઈ છે જ નહિ. માટે દુ:ખમાં નિમિત્ત બનનાર અપરાધીની પણ ક્ષમા માંગે તેનું મન નવકારમાં લાગે. અપરાધી પ્રત્યે પણ મૈત્રીભાવ કેળવવાનો છે. પ્રભુ મૈત્રીથી ભરેલા છે. પ્રભુ ત્રિભુવનના ઉપકારી છે. તેમની પૂજા જગતમાં મિત્રભાવને વિસ્તારે છે. વૈર-વિરોધ શમાવે છે.

ત્રણ ભુવનના ઉપકારી મિત્ર એવા અરિહંતોને નમવાથી જીવને ભય રહેતો નથી. આર્તધ્યાન તેને થતું નથી. પરિણામે ખરાબ ગતિ મળતી નથી. નિર્ભયતા આવે છે. ઉલ્લાસ વધે છે. પરિણામે મોક્ષ મળે છે. સંસારી જીવો કર્મથી બંધાયેલા છે ત્યાં સુધી ગર્વ રાખવા લાયક નથી. કર્મ પોતાના સ્થાનમાં બળવાન છે. તીર્થંકરોના આત્મા પણ કર્મ પાસે (પૂર્વ ભવોમાં) કર્મના નિયમ પ્રમાણે ચાલે છે. ત્યાં બુદ્ધિનો વિપરીત ઉપયોગ ન કર્યો માટે જલ્દી મુક્ત થયા.

આજે આપણે નમ્ર બનવું જોઈએ ત્યાં અક્કડ બન્યા છીએ અને અક્કડ રહેવાના સ્થાને નમ્ર બન્યા છીએ. એ બુદ્ધિનો વિપર્યાસ છે.

આત્મા અનંત જ્ઞાનનો ધણી હોવા છતાં જ્ઞાનાવરણીય કર્મની પરાધીનતાના કારણે તે હમણાં ઘણું જ ઓછું જાણી શકે છે. એવી રીતે બધા જ કર્મોનો આપણા ઉપર પ્રભાવ છે. દાનાંતરાય ન ખટકે તો લાભાંતરાય તૂટે નહિ. થોડામાંથી પણ થોડું આપવું જોઈએ. આપ્યા વિના લાભ ન થાય. આપવાથી અંતરાય તૂટે છે. દાન એ દારિદ્રય નાશનો ઉપાય છે. પ્રભુપૂજા અને સુપાત્રદાન કરનારને કર્મ પણ પ્રતિકૂળ થતું નથી પણ અનુકૂળ બની જાય છે.

કર્મની ચુંગલમાંથી છૂટવું હોય તો ધર્મને શરણે જવું જોઈએ. કર્મ તૃણના ઘાસની ગંજીના સ્થાને છે. ધર્મ અગ્નિના સ્થાને છે. બધા જ જીવોના બધા જ કર્મોને નાશ કરવાની તાકાત ધર્મના ધ્યાનમાં છે. ધર્મીને ઘેર ધાડ હોય નહિ. આર્તધ્યાનની ધારાએ ચડવું એ જ ધાડ છે. પાપીને પ્રતિક્ષણ ધાડ છે. અનેક પ્રકારની ધાડ પાપીને હોય છે. પરિગ્રહવાળાને ઊંઘ આવતી નથી. એનું નામ ધાડ છે.

અશુભધ્યાન એ દુ:ખ છે....શુભધ્યાન એ સુખ છે....શુભધ્યાનનો ઉપાય દાનાદિ છે. તેનાથી અશુભધ્યાન છૂટે છે. ધર્મની શક્તિનું ધ્યાન કરવું એ આર્તધ્યાનથી બચવાનો ઉપાય છે. બળવાન વાદળ પણ પવનથી વિખરાય જાય છે. તેમ ધર્મથી આર્તધ્યાનના ઘેરા વાદળાં વિખરાય જાય છે. ધર્મમાં અરિહંત કેન્દ્ર સ્થાને છે. તેથી એક અરિહંતમાં આત્મા લીન થઈ જાય તો તેના તમામ વિઘ્નો ટળી જાય છે....

મનમાં ધર્મધ્યાન આવવું જોઈએ. તો જ બધી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ક્રિયા લેખે લાગશે. શુભધ્યાન વગરની ક્રિયા માત્રથી આર્તધ્યાન ટળતું નથી. સાચી નિર્ભયતા અને નમ્રતા, અરિહંતના ધ્યાનથી આવે છે. માટે ધ્યાન સુધારો. શુભધ્યાન લાવો. નવકાર ગણનાર માટે અશુભ ગ્રહો પણ શુભરૂપ થાય છે. ધ્યાન સુધારવા માટેની ચાવી નવકાર છે. નવકારથી શુભધ્યાન થાય છે. શુભધ્યાનથી પુણ્ય વધે છે. અને પુણ્યથી પ્રશસ્ત અર્થ - કામ - આરોગ્યાદિ મળે એવો નિયમ છે.

ધર્મથી જે મળે તેનો ઉપયોગ ધર્મમાર્ગે કરવો એ ન્યાય બુદ્ધિનું લક્ષણ છે. શ્રાવકનો દીકરો પૂજા વિના ન રહે તે માટે પોળે પોળે મંદિરો હોય છે. આજે એવો અર્થ થાય છે કે ભગવાન પૂજા વિના રહી ન જાય માટે આપણે ભગવાનને પૂજવા જોઈએ. એને બદલે હકીકત એ છે કે, ભગવાનની પૂજા ત્રણભુવનની શાન્તિ માટે છે. માટે સ્વ-પરની શાંતિ માટે આપણે સ્વયં પૂજા વગર ન રહેવું જોઈએ. એકનો ધર્મ અનેકોને ફળે છે. એક જીવ ગામમાં આયંબિલ કરે અને આખા ગામમાં વિઘ્ન આવતું અટકે છે.

સમ્યગ્દૃષ્ટિ કોઈની નિંદા ન કરે પણ સહાય કરે. જેમ વૈદ્ય દર્દીને સહાય કરે તેમ...ધર્મ કરનારા સાજા છે. ન કરનારા માંદા છે. તેના ઉપર કરૂણા - પ્રેમ અને સ્નેહ જોઈએ. સહાય કરવી જોઈએ. પણ એમનો તિરસ્કાર ન જોઈએ. બીજું ન બને તો મનથી એમનું શુભ ઇચ્છીને મનથી સહાય કરવી.

નવ પ્રકારના દાનમાં મનથી પણ દાન આપવાનું વિધાન છે. એ દાન એટલે 'સર્વનું શુભ થાઓ.' પરહિતચિંતારૂપ મૈત્રી આપણા ચિત્તમાં ઉત્પન્ન થાય ત્યારે ધર્મ સાચો બને છે.

મૈત્રીભાવનાપૂર્વક જે ધર્મ થાય છે તેમાંથી પુણ્યાનુબંધી પુણ્ય ઉપાર્જન થાય છે. ભગવાનને ભગવાન બનાવનાર 'સવિ જીવ કરૂં શાસનરસી' વગેરે મૈત્ર્યાદિ ભાવનાઓ છે.

ધર્મ કરીએ આપણે અને લાભ બધાને મળે એવું મનથી શુભ ઇચ્છવું. એથી પુણ્ય પુષ્ટ થાય છે અને પછી તે સૌને ઉપકારી બને છે. મયણા અને શ્રીપાળની સમૃદ્ધિની જેમ. તેની સંપત્તિ સૌને ઉપયોગી બને છે.

**'मैत्री पवित्र पात्राय'** આદિ ગુણથી પ્રભુના સ્વરૂપને આપણે સમજી શકીએ છીએ.

*** ક્ષમાયાચના ***

**વિજળી પુરવઠાની અનિયમિતતાના કારણોસર આ અંક પ્રકાશિત કરવામાં વિલંબ થયેલ છે. જે બદલ ક્ષમા યાચીએ છીએ.**

**—તંત્રી**

શ્રી જૈન આત્માનંદ સભા દ્વારા પ્રકાશિત
'આત્માનંદ પ્રકાશ'રૂપી
જ્ઞાન દીપક સદા તેજોમય રહે તેવી હાર્દિક શુભેચ્છાઓ.....

**બી સી એમ કોરપોરેશન**

(હોલસેલ ફાર્માસ્યુટીકલ ડીસ્ટ્રીબ્યુટર્સ)

નં. ૧, કલ્પના સોસાયટી, નવરંગપુરા પોસ્ટ ઓફિસ પાછળ, નવરંગપુરા, અમદાવાદ-૩૮૦૦૦૯
ફોન : ૦૭૯-૬૪૨૭૨૦૦

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




## શ્રી ભાવનગર નાગરિક સહકારી બેંક લિ.

૧૪, ગંગાજળીયા તળાવ, ભાવનગર-૩૬૪૦૦૧ ફોન : ૨૫૧૩૭૦૨, ૨૫૧૩૭૦૩

**: શાખાઓ :**

ડોન—કૃષ્ણનગર, વડવા—પાનવાડી, રૂપાણી—સરદારનગર, ભાવનગરપરા, રામમંત્રમંદિર, ઘોઘારોડ, શિશુવિહાર.

**તા. ૧-૧૨-૨૦૦૪ થી અમલમાં થાપણ તથા ધિરાણનાં વ્યાજનાં દરો**

| ડિપોઝીટ | વ્યાજનો દર |
|---|---|
| ૩૦ દિવસથી ૯૦ દિવસ સુધી | ૫.૦ % |
| ૯૧ દિવસથી ૧૮૦ દિવસ સુધી | ૫.૫ % |
| ૧૮૧ દિવસથી ૧ વર્ષની અંદર | ૬.૦ % |
| ૧ વર્ષથી ૩ વર્ષની અંદર | ૭.૫ % |
| ૩ વર્ષ કે તે ઉપરાંત | ૮.૦ % |
| સેવિંગ્ઝ ખાતા પર વ્યાજ | ૩.૫ % |

**સિનીયર સીટીઝનને ૧ % વધુ વ્યાજ મળશે. નિયમિત હપ્તા ભરનાર સભાસદને ભરેલ વ્યાજના ૬ % વ્યાજ રીબેટ આપવામાં આવે છે.**

| ધિરાણ | વ્યાજનો દર |
|---|---|
| રૂા. ૫૦૦૦૦/- સુધી | ૧૧.૦ % |
| રૂા. ૫૦૦૦૧/- થી રૂ. ૨ લાખ સુધી | ૧૨.૦ % |
| રૂા. ૨૦૦૦૦૧/- થી રૂ. ૨૦ લાખ સુધી | ૧૩.૦ % |
| NSC/KVP સામે રૂા. ૧ લાખ સુધી | ૧૧.૦ % |
| હાઉસીંગ લોન રૂા. ૮ લાખ સુધી ૭૨ હપ્તાથી | ૯.૫ % |
| ૭૨ હપ્તાથી વધુ | ૧૦.૫ % |
| મકાન રીપેરીંગ રૂા. ૭૫૦૦૦/- સુધી | ૧૧.૦ % |
| સોનાધિરાણ : રૂા. ૧ લાખ સુધી | ૧૨.૦ % |

**❖ રૂ. ૧-લાખ સુધીની ડીપોઝીટ વીમાથી આરક્ષિત ❖ છેલ્લા ૩૫ વર્ષથી ઓડીટ વર્ગ 'અ'**

**❖ બેન્કની વડવા શાખામાં વહેલા તે પહેલાનાં ધોરણે પસંદગીનાં લોકર ભાડે આપવામાં આવે છે.**

શ્રી નિરંજનભાઈ દલપતરામ દવે — ચેરમેન
શ્રી વેણીલાલ મગનલાલ પારેખ — મેનેજિંગ ડિરેક્ટર
શ્રી બળવંતરાય પી. ભટ્ટ — જનરલ મેનેજર



## આપને ભક્તિનો લાભ લેવો છે ?

પૂ. સાધુ-સાધ્વી—ભગવંતોને ચાતુર્માસમાં અથવા શેષકાળ અને વિહારમાં ઉપયોગી થઈ શકે તેવી ખાસ બનાવેલી અને તુરત ટિંગાડી શકાય તેવી સાવ પાતળી અને વજનમાં હલકી, વજન ૨૫-૩૦ ગ્રામ, સંકેલીને ઘડી થઈ શકે તેવી મચ્છરદાનીની ઉંચાઈ ૧૩૦ ઇંચ, ઘેરો ૨૯૪ ઇંચ, કિંમત નંગ - ૧ના રૂપિયા ૨૦૦ પોસ્ટ પાર્સલનો ખર્ચ અમારા તરફથી.
**નોટ : ખાસ ઉપધાન તપમાં ઉપયોગી એવી મચ્છરદાની મળશે.**

### શાહ મચ્છરદાની

સ્પેશ્યલ : **શાહ મચ્છરદાની**
અમો બનાવીએ છીએ.
**શ્રાવકને પૌષધમાં પણ ઉપયોગી થઈ શકે**
ખાસ નોંધ : ટપાલ લખતી વેળા પુરું સરનામું. પીનકોડ નં. ટેલીફોન નંબર લખવા જરૂરી છે.

પ્રાપ્તિ સ્થાન : **જયંતીભાઈ શાહ**
**શાહ મચ્છરદાની વાલા**
તિલક રોડ, જૈન દેરાસર સામે,
માલેગામ ૪૨૩૨૦૩ (જિ. નાશિક)
ફોન : (૦૨૫૫૪) દુ : ૨૩૭૩૬૩,
ઘર : ૨૩૧૯૬૫
મોબાઈલ : ૯૮૯૦૪૩૪૨૬૪


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# શ્રી જૈન આત્માનંદ સભા ભાવનગર તા. ૩૧-૩-૦૪ના રોજનું પાકું સરવૈયું

| ફંડ તથા દેવું | | | મિલ્કત તથા લેણું | | |
|---|---|---|---|---|---|
| ૨,૨૮,૯૬૧.૦૦ | પેટ્રન મેમ્બર ફી ફંડ | ૦૧ | ૨,૨૫,૦૦૦.૦૦ | પોસ્ટ ટાઈમ ડીપોઝીટ | ૧૩ |
| ૧,૬૨,૧૩૮.૦૦ | આજીવન સભ્ય ફી ફંડ | ૦૨ | ૩૭,૮૮૩.૦૦ | આત્માનંદ ભુવન | ૧૫ |
| ૨,૧૩,૬૪૨.૦૦ | કેળવણી સહાયક કાયમી ફંડ | ૦૪ | ૧૮,૮૩૧.૦૦ | આત્મકાંતિ મંદિર | ૧૫ |
| ૩,૭૪૭.૦૦ | સાધર્મિક કાયમી અના. ફંડ | ૦૪ | ૫૪,૬૦૧.૦૦ | પુણ્ય ભુવન મકાન | ૧૫ |
| ૫,૮૪૩.૦૦ | સ્કોલરશીપ કાયમી અના. ફંડ | ૦૫ | ૨,૩૨,૨૫૦.૦૦ | યુનિટ ટ્રસ્ટ CRTS | ૧૭ |
| ૧,૫૮,૭૦૨.૦૦ | જયંતી પૂજા કાયમી અના. ફંડ | ૦૫ | ૧,૨૬,૦૪૮.૦૦ | તીર્થંકર ચરિત્ર [સચિત્ર] | ૧૯ |
| ૨૯૬.૦૦ | સિદ્ધાચલ દેરી કા. અના. ફંડ | ૦૬ | ૬૫.૦૦ | ઈલેક્ટ્રીક ડીપોઝીટ ખાતુ | ૨૦ |
| ૪,૨૩૫.૦૦ | ડેડ સ્ટોક ઘસારા ફંડ | ૦૭ | ૫૫.૦૦ | ભાવ. ઈલે. ડીપોઝીટ ખાતુ | ૨૦ |
| ૨૨૨૬૦.૦૦ | મકાન ઘસારા ફંડ | | ૨૦.૦૦ | ગુજ. વિદ્યુત બોર્ડ ડીપોઝીટ | ૨૦ |
| ૧,૨૮,૧૧૫.૦૦ | પુસ્તક પ્રકાશન ફંડ | ૦૭ | ૨૯૯૨.૫૦ | બેન્ક ઓફ ઇન્ડિયા સેવીંગ | ૨૬ |
| ૬૬,૬૬૬.૦૦ | ઠાણાંગસૂત્ર પ્રકાશન ફંડ | ૦૮ | ૭૦૯૪.૭૯ | ભાવ. નાગરિક બેન્ક-સેવીંગ | ૨૭ |
| ૧૩,૦૦૦.૦૦ | શતાબ્દિ મહોત્સવ ફંડ | ૦૮ | ૧૩૨૦.૨૦ | વર્ધમાન કો. બેન્ક સેવીંગ | ૨૮ |
| ૧,૫૫૩.૦૦ | મકાન ડીપોઝીટ ખાતુ | ૦૯ | ૩૬૭૪.૫૨ | ભાવ.મર્કન્ટાઈલ બેન્ક સેવીંગ | ૨૯ |
| ૮,૨૬૬.૦૦ | કેળવણી સહાયક ચાલુ ફંડ | ૧૦ | ૧૩,૦૪૯.૭૦ | યુનીયન બેન્ક સેવીંગ ખાતુ | ૩૦ |
| ૨,૫૩,૦૦૦.૦૦ | જ્ઞાનભંડાર કા.અ. કોર્પસ ફંડ | ૧૧ | ૨,૪૫,૦૦૦.૦૦ | ભાવ. નાગરિક બેન્ક FDR | ૩૨ |
| ૯,૭૧૩.૦૦ | નફા-નુકસાન ખાતે | ૪૭ | ૬૫,૦૦૦.૦૦ | બેન્ક ઓફ ઇન્ડિયા FDR | ૩૨ |
| ૮૯૫.૦૦ | ઝેરોક્ષ ફંડ ખાતુ | ૭૫ | ૩૫,૦૦૦.૦૦ | ભાવનગર મર્ક. બેન્ક FDR | ૩૩ |
| ૨૭.૦૦ | ઇન્ડિયન બુક સેન્ટર-દિલ્હી | ૭૬ | ૧,૮૫,૦૦૦.૦૦ | યુનિયન બેન્ક FDR | ૩૩ |
| | | | ૧૩,૩૮૪.૦૦ | ડેડ સ્ટોક ફર્નિચર ખાતુ | ૩૯ |
| | | | ૨,૦૦૦.૦૦ | ટેલીફોન ડીપોઝીટ ખાતુ | ૬૬ |
| | | | ૧૧,૭૮૭.૦૦ | ઈન્કમટેક્ષ વ્યાજ કપાત TDS | ૭૧ |
| | | | ૧૦૦૩.૦૦ | શ્રી પુરાંત જણશે | |
| ૧૨,૮૧,૦૫૯.૦૦ | | | ૧૨,૮૧,૦૫૯.૦૦ | | |

નોંધ : અમારા આ સાથેના આજ તારીખના રીપોર્ટ મુજબ તા. ૧૬-૧૦-૦૪ ભાવનગર.

પ્રમોદકાંત ખીમચંદ શાહ
પ્રમુખ

દિવ્યકાંત એમ. સલોત
જસવંતરાય સી. ગાંધી
ઉપપ્રમુખ

મનહરલાલ કે. મહેતા
ચંદુલાલ ડી. વોરા
ચીમનલાલ વી. શાહ
માનદ્ મંત્રીઓ

હસમુખલાલ જે. શાહ
ખજાનચી

આર. એ. શેઠ એન્ડ કું
ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## શ્રી જૈન આત્માનંદ સભા ભાવનગર તા. ૩૧-૩-૦૪ સુધીનું આવક-જાવક ખાતુ

| આવક | | | ખર્ચ | | |
|---|---|---|---|---|---|
| ૧૦૮૮૪.૦૦ | મકાન ભાડા આવક ખાતુ | ૨૫ | ૨૫૫૫.૦૦ | ઈલેકટ્રીક લાઈટ બીલ ખાતુ | ૪૦ |
| ૫૦૦૨૮.૦૦ | શ્રી વ્યાજ આવક | ૩૫ | ૧૯૩૬.૦૦ | વીમા ખર્ચ ખાતુ | ૪૦ |
| ૧૪,૦૦૦.૦૦ | શ્રી આત્માનંદ પ્રકાશ જા×ખ | ૫૭ | ૧,૦૮૦.૦૦ | ઓડિટ ફી ખર્ચ ખાતુ | ૪૧ |
| ૩૧૭૪.૫૦ | શ્રી પસ્તી વેચાણ આવક ખાતુ | ૫૮ | ૫૦૦.૦૦ | કાનૂની ફી ખર્ચ ખાતુ | ૪૧ |
| ૪૬૩.૦૦ | શ્રી જ્ઞાન આવક ખાતુ | ૫૯ | ૨,૪૨૮.૦૦ | ચેરીટી કમીશ્નર ફાળા ખાતુ | ૪૧ |
| ૬૫૪.૦૦ | શ્રી પરચુરણ ભેટ આવક | ૬૦ | ૬૪૮.૦૦ | લાઈબ્રેરી ખર્ચ ખાતુ | ૪૨ |
| ૩૫૩૩૦.૦૦ | શ્રી પુસ્તક વેચાણ આવક | ૬૧ | ૨૭૬.૦૦ | બેન્ક કમીશન ખર્ચ ખાતુ | ૪૩ |
| ૨૭૫૦.૦૦ | શ્રી સભા નિભાવ ફંડ ખાતુ | ૬૫ | ૪૬૭.૦૦ | પોસ્ટેજ ખર્ચ ખાતુ | ૪૪ |
| ૧૩૯૩.૦૦ | વાસણ વેચાણ આવક | | ૧૩૯૯.૦૦ | સ્ટેશનરી/પ્રીન્ટીગ ખર્ચ | ૪૫ |
| ૧૯૯૭.૦૦ | કા.સુ. ૧ કા.અ.ફંડ ખાતુ | ૦૬ | ૪૪૨૪.૫૦ | દૈનિક વર્તમાન પેપર ખર્ચ | ૪૬ |
| | ૧૨૦૬૭૩.૦૦ | | ૧૧૬૧૦.૦૦ | પરચુરણ ખર્ચ ખાતુ | ૪૮ |
| ૨૪૯૩૭.૦૦ | નફા-નુકશાન ખાતુ | ૪૭ | ૪૦,૮૦૦.૦૦ | પગાર ખર્ચ ખાતુ | ૫૪ |
| | | | ૨૩૮૩૧.૦૦ | આત્માનંદ પ્રકાશ માસિક ખર્ચ | ૫૬ |
| | | | ૩૪૦૦.૦૦ | બોનસ ખર્ચ ખાતુ | ૫૮ |
| | | | ૩૮૧.૦૦ | બોણી ખર્ચ ખાતુ | ૫૮ |
| | | | ૬૨૫.૦૦ | ઈલેકટ્રીક મેન્ટેનસ ખર્ચ | ૬૨ |
| | | | ૨૬૬૨.૦૦ | ટેલીફોન બીલ ખર્ચ ખાતુ | ૬૬ |
| | | | ૪૧૪૬.૦૦ | કેળવણી ઉત્તેજન ખર્ચ ખાતુ | ૬૭ |
| | | | ૩૮૧૦.૦૦ | મકાન રીપેરીંગ ખર્ચ ખાતુ | ૬૮ |
| | | | ૮૬૩.૨૫ | ભાવ. મહાનગરપાલિકા-ટેક્ષ | ૬૯ |
| | | | ૨૮૩૯.૦૦ | બુક બાઈન્ડિંગ ખર્ચ ખાતુ | ૭૪ |
| | | | ૧૧૧૩૦.૦૦ | મિલ્કત ઘસારા ખર્ચ ખાતુ | ૦૭ |
| | | | ૨૩૮૦૦.૦૦ | યુનિટ ટ્રસ્ટ-૬૪ નુકશાની | ૧૮ |
| ૧,૪૫,૬૧૦.૦૦ | | | ૧,૪૫,૬૧૦.૦૦ | | |

## તા. ૧-૪-૦૩ થી તા. ૩૧-૩-૦૪ સુધીનું નફા-નુકસાન ખાતુ

ખા.પા. ૪૭

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૩૪૬૫૦.૦૦ | બાકી દેવા | | ૨૪૯૩૭.૦૦ | | |
| | | | ૯૭૧૩.૦૦ | બાકી દેવા | |

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## સમાચાર સૌરભ

**ઓપન બુક એકઝામ :**–લેખક પૂ. ગણિવર્યશ્રી મેઘદર્શન વિજયજી મ.સા. દ્વારા લીખીત 'તત્વઝરણું' (ખુલ્લા પુસ્તકે ઘેર બેઠા પરીક્ષા) ૮થી ૯૮ વર્ષના તમામ ભાઈ-બહેનો માટે પરીક્ષાર્થીને આ બુક રૂ-૩૦ માં પ્રશ્નપત્ર કિંમત રૂ.-૧૦ પરીક્ષા સંચાલન વર્ધમાન સંસ્કારધામ પાર્લા ઈસ્ટ, પ્રથમ ઈનામ ૫૦૦૧થી ૩૦૦૦, ૨૦૦૧, નં. ૧થી૪ને અન્ય ૧૦૦૦ પરીક્ષાર્થીઓને પણ યોગ્યતા અનુસાર ઈનામો અપાશે.

**ચાતુર્માસ પરિવર્તન :–** સિદ્ધહસ્ત લેખક સૂરિમંત્ર સમારાધક સંયમજીવનના ૫૦માં વર્ષમાં પ્રવેશ પામેલ પૂ.આ.શ્રીમદ્ વિજયપૂર્ણચંદ્ર સૂરિશ્વરજી મ.સા., પ્રવચન પ્રભાવક પૂ. ગણિશ્રી યુગચંદ્રવિજયજી મ.સા. તથા પ્રબુદ્ધ પ્રવચનકાર પૂ. મુનિશ્રી હિતરુચિ વિજયજી મ.સા. આદિનું વિ.સં. ૨૦૬૦નું ચંદનબાળાનું ચાતુર્માસ વિશાળ શિષ્ય પરિવાર સાથે ઐતિહાસિક શાસન પ્રભાવના સહ સુંદર રીતે સંપન્ન થયું. શેષકાળમાં પૂજ્યશ્રી સાથે સંપર્ક પત્રવ્યવહાર આ સરનામે કરવો. C/o. જિતેન્દ્ર જ્વેલર્સ, ૧૦૦ ભંડારી સ્ટ્રીટ, ગોદાવરી ભુવન, મુંબઈ-૪ ફોન (ઓ) ૨૩૮૬૧૮૪૩ (ઘર) ૨૩૮૮૪૩૨૫.

**ગ્રંથ વિમોચન :**–ભાવનગરના પીઢ સાહિત્યકાર શ્રી નંદલાલભાઈ દેવલુક સંપાદિત શ્રી ચતુર્વિધસંઘ : 'તવારીખની તેજ છાયા' તથા 'પથ પ્રદર્શક પ્રતિભાઓ' નામના બે સમૃદ્ધ ગ્રંથો અરિહંત પ્રકાશન દ્વારા પ્રકાશિત થઈ રહ્યા છે. આ અલભ્ય ગ્રંથોનું નજીકના ભવિષ્યમાં વિમોચન થનાર છે.

**માલગાંવ થી રાણકપુર છ'રીપાલિત સંઘ :**–માલગાંવનગર શ્રી પાવાપુરી તીર્થધામ જીવમૈત્રી ધામથી વિશ્વપ્રસિદ્ધ રાણકપુર તીર્થનો ભવ્યાતિભવ્ય ૨૧૧ કિ.મી.નો છ'રીપાલિત સંઘ અનેક પ.પૂ. આચાર્ય ભગવંતોની શુભ નિશ્રામાં આગામી તા.૧૮-૨-૦૫ના રોજ પ્રસ્થાન કરી આગામી તા. ૬-૩-૦૫ના રાણકપુર તીર્થની સ્પર્શના કરનાર છે. સંઘ આયોજન સંઘવી પૂનમચંદજી ધનાજી બાફના, કે.પી. સંઘવી પરિવાર દ્વારા કરવામાં આવેલ છે.

**શ્રી જીરાવલા પાર્શ્વનાથ તીર્થ :**–આગામી તા. ૯-૧૦-૧૧ ફેબ્રુઆરી ૨૦૦૫ બુધ-ગુરુ- અને શુક્રવારના ભૂમિપૂજન - ખાતમુહૂર્ત મહોત્સવ થનાર છે. જેમાં ૭૦૦થી પણ વધુ પૂજ્ય સાધુ - સાધ્વીજી ભગવંતોનું સાંનિધ્ય પ્રાપ્ત થશે. તા. ૧૦-૨-૦૫ના ભૂમિપૂજન - ખાતમુહૂર્તના ચઢાવા બોલવામાં આવશે. તા. ૧૧-૨-૦૫ના તીર્થ જિનાલયના ભૂમિપૂજન - ખાતમુહૂર્તના લાભાર્થીઓને હાથી ઉપર સવારી કરાવી માન-સમ્માન-ઉલ્લાસ ભાવથી વાંજિત્રો સહિત રાજાશાહી ઠાઠ-માઠથી મુહૂર્ત થશે. શિલાન્યાસ મુહૂર્ત આગામી તા. ૮-૨-૦૫ના રાખવામાં આવેલ છે. તેના ચઢાવા પણ ભૂમિપૂજન - ખાતમુહૂર્ત મહોત્સવમાં તા. ૧૦-૨-૦૫ના બોલવામાં આવશે. શિલાન્યાસ ચઢાવાના લાભાર્થીઓના નામ શિલાન્યાસ મહોત્સવ આમંત્રણ પત્રિકામાં પ્રકાશિત કરવામાં આવશે. સકલ શ્રીસંઘોને લાભ લેવા વિનંતી છે.

**ફીક્કીનો એવોર્ડ મેળવતા શ્રી નિશીથભાઈ મહેતા :**–સભાના પેટ્રન મેમ્બર શ્રી નિશીથભાઈ મહેતા(માઈક્રો શાઈન પ્રોડક્ટ્સ)ને સહૃદયતા ભર્યા બીઝનેસ માટે ફેડરેશન ઓફ કોમર્સ (ફીક્કી) દ્વારા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઈમ્પોવરમેન્ટ ઓફ ફીઝીકલી ચેલેન્જનો ફાઈનાન્સ મીનીસ્ટર શ્રી ચિદમ્બરના હસ્તે એવોર્ડ એનાયત કરવામાં આવેલ છે.

માઈક્રોશાઈન પ્રોડક્ટ પોતાની કંપનીમાં શારીરિક અશક્ત ફિઝીકલી હેન્ડીકેપ વ્યક્તિઓને સ-ગૌરવ કામની તક પુરી પાડી ૫૦ ટકાથી વધુ હેન્ડીકેપ વ્યક્તિઓને રોજગાર આપી ગુણવત્તા સભરની આઈટમો પ્રોડક્ટ કરે છે. ગુજરાતમાં કદાચ આ એક જ કંપની એવી છે જયાં હેન્ડીકેપ વ્યક્તિઓને રોજગારની તક મળતી હશે. એવોર્ડ મેળવવા બદલ અભિનંદન.

**સુરત ખાતે શાસન પ્રભાવક કાર્યો :**–પૂ. આ.શ્રી ગુણયશસૂરિશ્વરજી મ.સા. તથા પૂ.આ.શ્રી કીર્તિયશસૂરિશ્વરજી મ.સા. [સંસારીપક્ષે પિતા-પુત્ર] આદિની શુભ નિશ્રામાં સમૂહ દીક્ષાઓ તથા ઐતિહાસિક વર્ષીદાન યાત્રાની ઉજવણી શાસન પ્રભાવના પૂર્વક કરવામાં આવી હતી. જેમાં વીસ હજારની માનવ મેદનીએ જિનશાસનની જય જયકાર બોલાવી હતી.

**ઉદ્‌ઘાટન-અર્પણવિધિ સમારોહ :–** હેમચંદ્રાચાર્ય ઉ. ગુ. યુનિવર્સિટી સંગલિત શ્રી પાટણ જૈન મંડળ અને શ્રીમતી ભગવતી પ્રતાપ ભોગીલાલ જૈન એકેડેમી સેન્ટર તથા શ્રી પાટણ જૈન મંડળ અને બાબુ અમીચંદ પનાલાલ આદિશ્વર જૈન એકેડેમી ભવનનો ગત તા. ૨૭-૧૨-૦૪ના રોજ ઉદ્‌ઘાટન અને અર્પણવિધિ સમારોહ સંપન્ન થયેલ છે.

**સંગરિયા (રાજ) :–**પ્રવર્તક પ્રવર શ્રી જયાનંદવિજયજી મ.સા. તથા મુનિશ્રી દિવ્યાનંદ વિજયજી મ.સા. આદિની શુભ નિશ્રામાં અત્રે ભ. મહાવીર માર્ગનું લોકાર્પણ, સાધનાકેન્દ્રનું ભૂમિપૂજન તથા શિલાન્યાસ, મહારાજા અગ્રસેન પબ્લિક પાર્કનું ભૂમિપૂજન તથા શિલાન્યાસ અને વિરાટ તપસ્વીઓનો અભિનંદન સમારોહ ગત તા. ૨-૧-૦૫ના રોજ સંપન્ન થયેલ.

**સભાની મુલાકાતે ડો. પીટર ફયુગલ દંપતી :–**લંડન યુનિ.ના ડિપાર્ટમેન્ટ ઓફ રીલીજીયસ સ્ટડીના ચીફ ડો.પીટર ફયુગલ દંપતી સભાની મુલાકાતે પધારેલ.

તેમણે જણાવ્યું હતું કે ભાવનગરમાં જૈન સાહિત્યનો વિપુલ ભંડાર છે અને હિંદુ સંસ્કૃતિ સાથે સંકળાયેલ જૈન ધર્મની ફિલોસોફી વૈજ્ઞાનિક તારણો આધારિત છે.

ડો. પીટર ભારતીય સંસ્કૃતિ, જૈન ધર્મ અને તેના વિવિધ સંપ્રદાયોનો રસપ્રદ અભ્યાસ કરી રહ્યા છે. તેઓશ્રી વર્ષોથી જૈન ધર્મના નિયમોનું ચૂસ્તપણે પાલન કરી રહ્યા છે.

**ભાવનગર : શ્રાવિકા આરાધના ભવન :–**ભાવનગરની ધન્યધરા ઉપર દેવાધિદેવ શ્રી મહાવીરસ્વામી દાદાની શીતલછાયામાં પૂ.આ.શ્રી ચંદ્રોદયસૂરિજી મ.સા. પૂ.આ.શ્રી અશોકચંદ્રસૂરિજી મ.સા. તથા પૂ.આ.શ્રી રૂચકચંદ્ર સૂરિજી મ.સા. આદિની પ્રેરણાથી અને પૂ.આ.શ્રી પ્રબોધચંદ્રસૂરિજી મ.સા. આદિની શુભ નિશ્રામાં અત્રે શ્રી કૃષ્ણનગર શ્રાવિકા આરાધના ભવનનું ઉદ્‌ઘાટન અને સમર્પણ મહોત્સવનું તા.૧૬-૧-૦૫ થી તા. ૧૮-૧-૦૫ દરમ્યાન ત્રિદિવસીય મહોત્સવ શાસન પ્રભાવના પૂર્વક ઉજવવામાં આવેલ છે. નૂતન આરાધના ભવનનું નામ શ્રી ચંદનબાળા શ્રાવિકા આરાધના ભવન રાખવામાં આવેલ છે. ત્રિદિવસીય આ મહોત્સવ પ્રથમ દિવસે કૃષ્ણનગર સોસાયટીના સ્વામી વાત્સલ્યનો લાભ સભાના ઉપપ્રમુખશ્રી દિવ્યકાંતભાઈ સલોત પરિવાર દ્વારા લેવામાં આવેલ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## શોકાંજલિ

શાહ હર્ષદરાય હીરાલાલ - ભાવનગરવાળા હાલ મુંબઈ ઉ.વ.૭૫ મુંબઈ મુકામે નવકાર મંત્રનું સ્મરણ કરતાં કરતાં સમાધિપૂર્વક સ્વર્ગવાસ પામેલ છે. તેઓશ્રીની ભાવના અનુસાર તેમના દેહનું દેહદાન તથા ચક્ષુદાન કરવામાં આવેલ છે.

તેઓશ્રી આ સભાના આજીવન સભ્ય હતા. સભા પ્રત્યે તેઓશ્રી અત્યંત લાગણી ધરાવતા હતા. તેમ જ સભા આયોજિત યાત્રા પ્રવાસનો અમૂલ્ય લ્હાવો લેવાનું ચૂકતા નહિ.

તેઓશ્રીના દુ:ખદ અવસાનથી તેમના કુટુંબ પર આવી પડેલ દુ:ખમાં આ સભા સમવેદના પ્રગટ કરે છે. સાથે સાથે સદ્દગતના આત્માને પ્રભુ પરમ શાંતિ અર્પે તેવી પ્રાર્થના કરે છે.

*લિ. શ્રી જૈન આત્માનંદ સભા -- ભાવનગર.*

## શોકાંજલિ

સભાના સભ્યશ્રી ધીરજલાલ બી. શાહ - મુંબઈવાળાના ધર્મપત્ની વિમળાબેન ધીરજલાલ શાહ ઉ.વ. ૭૬ તા.૧૬-૮-૦૪ ને સોમવારના રોજ અરિહંત શરણ પામેલ છે.

સદ્દગત વિમળાબેન સ્વ. માવજીભાઈ દામજીભાઈ શાહ ધાર્મિક શિક્ષકશ્રીના પુત્રી હતા. તેઓશ્રી ધર્માનુરાગી અને નિખાલસ સ્વભાવના કારણે તેમના પરિવારમાં આદરભર્યું સ્થાન ધરાવતા હતા.

તેમના આત્મશ્રેયાર્થે રૂ-૫૦૧ આ સભાને સભાના નિભાવ ફંડ માટે રોકડા મળ્યા છે. તેનો સાભાર સ્વીકાર સભા વતી સદ્દગતશ્રીના આત્માને પ્રભુ પરમ શાંતિ અર્પે તેવી વીર પ્રભુને પ્રાર્થના.

*લિ. શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગર.*

## નમ્ર અપીલ

**શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગરના માનવંતા પેટ્રન મેમ્બરશ્રીઓ તથા આજીવન સભ્યશ્રીઓ.**

**આ અંકમાં સભાના ગત વર્ષના વાર્ષિક હિસાબો [આવક-જાવક તથા પાકું સરવૈયું] પ્રગટ કરવામાં આવેલ છે. આપશ્રી જોઈ-સમજી શકશો કે સભા પાસે અત્યંત ટૂંકી મુડી છે. હમણાં સુધીના બેન્કોના વ્યાજના દર અને હવે પછીના વ્યાજના દરોમાં ઘણો જ મોટો તફાવત આવેલ છે. જેના કારણે સંસ્થાના નિભાવમાં ઘણી જ તકલીફ પડે છે.**

**આથી આપ સૌને નમ્ર વિનંતી કે સભાનું સુવ્યવસ્થિત સંચાલન કરી શકાય તે માટે યથાશક્તિ ભેટ-દાન મોકલશોજી. તેવી આપ સૌ પાસે આ સંસ્થા અપેક્ષા રાખે છે.**

*શ્રી જૈન આત્માનંદ સભાના વ્યવસ્થાપકો.*

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# હઠાગ્રહી-ગુણગ્રાહી

બે પ્રકારના લોકો છે એક છે....આગ્રહશીલ, આમ જ થવું જોઈએ, હું કહું એ જ સાચું, આ મારો સિદ્ધાંત છે. એમાં કશી બાંધછોડ નહીં, એવું માનવાવાળા આવા લોકો જીદી હોય છે અને કેટલીક વખત હઠાગ્રહી, તૂટી જાય પણ વાતને છોડતા નથી.

બીજા પ્રકારના માણસો સરળ અને સીધા છે, તેમને કોઈ આગ્રહ નથી તેમને જે કંઈ હોય તે સ્વીકાર્ય છે. વાંધાવચકા નથી, જેવા સંજોગો ઊભા થાય છે તે પ્રમાણે તેઓ પોતાની જાતને વાળી લે છે. તેઓ કોઈ પણ બાબતમાં ઘસડાતા નથી પરંતુ સરળતાથી વહે છે.

કેટલાક માણસો કોઈ પણ વસ્તુમાં જાણે કે ન જાણે પણ પોતાને જ્ઞાની સમજતા હોય છે. આ માણસનો અહંકાર છે. અહંકાર એ અજ્ઞાનનું મૂળ છે. તેઓ બીજાની વાત સાંભળવાની પણ તકલીફ લેતા નથી. કોઈ બોલે તો તેને અધવચ્ચેથી અટકાવી, પોતાનો કકકો સાચો ઠરાવવાનો પ્રયાસ કરતા હોય છે. દરેક બાબતમાં માથું મારતા હોય છે. વાતનું વતેસર કરીને સમગ્ર બાબતને ગૂંચવી નાખતા હોય છે.

દરેક બાબતમાં જેટલું જ્ઞાન અને જેટલો અધિકાર હોય તેટલું જ બોલવું જોઈએ. જે આપણું ક્ષેત્ર ન હોય, જે બાબતમાં આપણી પૂરતી જાણકારી ન હોય અને જ્યાં આપણો અધિકાર ન હોય ત્યાં ડહાપણ ડોળવા બેસીએ તો મૂર્ખામાં ખપીએ. કેટલાક માણસો સલાહ આપવા બેસી જાય છે, સલાહ આપવી ગમે છે, કોઈને લેવી ગમતી નથી. જીદ અને અહંકારને કારણે માણસને સાચી વાત સમજાતી નથી. સાચું સમજાય તો પણ માણસ વાત છોડતો નથી.

હું કહું એ જ સાચું એવો હઠાગ્રહ વહાલાને વૈરી બનાવે છે. માણસે ઉદાર મતવાદી બનવું જોઈએ. બીજાની વાત ધ્યાનપૂર્વક સાંભળવી અને સમજવી જોઈએ.

કેટલાક લોકોને બધે વાંકું જ દેખાય છે. એને આપણે ગુલાબ પાસે લઈ જઈએ તો પણ તેને કાંટા જ દેખાશે. માણસની વક્રદૃષ્ટિ તેને સાચું જોવા પ્રેરતી નથી. કેટલાક માણસો એવા છે જે બીજાના ગુણો જોઈ શકતા નથી. તેને હંમેશા દોષો જ દેખાય છે. સારા માણસો ગુણગ્રાહી હોય છે. તેઓ સારી બાજુને જુએ છે. ખરાબ બાજુ પર તેમની નજર જતી નથી. આવા માણસો પોતે સારા છે એટલે તેમને કોઈ ખરાબ લાગતું નથી.

*(જૈન શિક્ષણ સાહિત્ય પત્રિકામાંથી સાભાર)* *--મહેન્દ્ર પુનાતર*


શુભેચ્છા સાથે....

**ધોળકીયા ગ્રુપ ઓફ ઈન્ડસ્ટ્રીઝ**

ધોળકીયા રણછોડદાસ ઝીણાભાઈ, પો. બો. નં ૭૧ શિહોર-૩૬૪૨૪૦

ફોન : ઓફિસ : ૨૨૨૦૩૭, ૨૨૨૩૩૮, ૨૨૨૨૪૪,

૨૨૨૦૧૨, ૨૨૨૨૪૨, ૨૨૨૬૭૭

ફેક્સ નં. : ૦૦૯૧-૨૮૪૬-૨૨૬૭૭

ટેલીગ્રામ-મહાસુગંધી, શિહોર.


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




With Best Compliments from :

*Kinjal Electronics*

Chandni Chowk, Par Falia,
Opp. Children Park, Navsari-396445
Tele : (02637) 241 321 Fax : (02637) 252 931

**મેસર્સ ચીમનલાલ મુળચંદ શાહ**

**દરેક જાતના ઉચ્ચ ક્વોલીટીના અનાજ તથા કઠોળના વેપારી**

દાણાપીઠ, ભાવનગર.
ફોન : ૨૪૨૮૯૯૭-૨૫૧૭૮૫૪

રોહિતભાઈ ઘર : ૨૨૦૧૪૭૦
સુનીલભાઈ ઘર : ૨૨૦૦૪૨૬

પરેશભાઈ
ઘર : ૨૫૧૬૬૩૯

જે વૃદ્ધો યુવાનોની સુયોગ્ય વાતને સ્વીકારી લેતા હોય છે, એ ધન્યવાદને પાત્ર ગણાય, પરંતુ જે યુવાનો વૃદ્ધોની અનુભવવાણી શિરોધાર્ય કરવામાં નાનમ ન અનુભવે, એને તો ધન્યાતિધન્ય ગણવા જોઈએ.

**મહાગુજરાત સિલ્ક સિલેકશન**

(પરંપરામાં ૪૭ વર્ષ)
નોબલ્સ, નેહરૂબ્રીજ સામે, આશ્રમ રોડ,
અમદાવાદ-૩૮૦ ૦૦૯.
ફોન : ૬૫૮૯૬૧૦, ૬૫૮૫૧૪૬

**એમ. જી. સિલ્વર જ્વેલર્સ**

**(કલાત્મક સિલ્વર જ્વેલર્સ માટે)**
બી-૮, નેહરૂબ્રીજ સામે, આશ્રમ રોડ,
અમદાવાદ-૩૮૦ ૦૦૯.

**શાહ મનસુખલાલ કુંવરજી**
(ટાણાવાળા પરિવાર) ફોન : ૬૫૮૯૪૧૦


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# સંસારની અસારતા ઉપર નાગદત્ત શેઠની કથા

*લેખક : પૂ. આ. શ્રી વિજયકસ્તુરસૂરિશ્વરજી મ.સા.*

**અજ્ઞાનથી આવૃત્ત થયેલા લોકો હિત અહિતને જોતા નથી. નાગદત્ત શેઠની જેમ તેઓ સાધુઓ વડે હસાય છે.**

શ્રી અવંતિ નગરીમાં નાગદત્ત નામે મહાઋદ્ધિવાળો શેઠ રહે છે. તેને યશોમતી નામની સ્ત્રી છે. તે ઈંદ્રિયના વિષય સુખમાં આસકત ભોગ વિલાસો વડે કાળ પસાર કરે છે. ''પાપીઓની લક્ષ્મી પાપકર્મમાં વપરાય છે.'' એ ન્યાયથી તેણે ક્રોડ દ્રવ્યના ખર્ચે બાર વર્ષે સાતમાળનો મોટો મહેલ બંધાવ્યો. તે મહેલ તેવા પ્રકારનો થયો કે જે મહેલનો હજાર વર્ષ સુધી કાંકરો પણ ન ખરે. મહેલ બની ગયે છતે ચિતારાને બોલાવીને જુદા જુદા પ્રકારના સ્ત્રી પુરૂષ અને તિર્યંચ વગેરેનાં ચિત્ર કરવાને માટે ભીંતો સોંપી. તે ચિતારાઓ પણ માણસોની આંખોને આનંદકારક અનેક ચિત્રો વડે શોભતી ભીંતો કરે છે.

કોઈ એક વાર પ્રભાત સમયે તે શેઠ ચિત્રશાલામાં ચિતારાઓને ચિત્ર કરવાને માટે પ્રેરણા કરે છે તે વખતે ત્યાં કોઈક વિશિષ્ટ અવધિજ્ઞાનવાળા મહાવ્રતધારી સાધુ પધાર્યા. ઘડપણની શરૂઆતમાં પણ વિષયમાં આસક્ત છે. નાગદત્તને જોઈને કાંઈક હસીને આગળ ચાલ્યા નાગદત્ત પણ વિચાર કરે છે 'ચિતારાઓને પ્રેરણા કરતા મને નીરખી હસીને મુનિ કેમ ગયા? મહાત્માઓ કદી નીરર્થક હસતા નથી.' મારામાં એવા પ્રકારનું શું જોયું કે જેથી હસીને ગયા. પછીથી ઉપાશ્રયે જઈને આનું કારણ મુનિને પૂછીશ.' એમ વિચારી ક્ષણાંતરમાં તે ચિંતારહિત થયો. ફરી પણ મધ્યાહ્ન સમયે તે સાધુ ભિક્ષા માટે તેને ઘેર પધાર્યા, ત્યારે ભોજન કરતા નાગદત્ત શેઠના ખોળામાં તેમનો પુત્ર રમે છે. તેની સ્ત્રી યશોમતીએ ભાવથી મુનિનો સત્કાર કરીને નિર્દોષ ભિક્ષા આપી. ત્યારે પિતાના ખોળામાં રમતા પુત્રે મૂતરીને શેઠના ભોજનને અને વસ્ત્રને મૂત્રથી ભરી દીધું. મૂત્રને દૂર કરીને ભોજન કરતો નાગદત્ત બોલે છે.–'હે પ્રિયા આ પુત્રે મારું ભોજન અને વસ્ત્ર બગાડ્યાં એમ બોલતે છતે તે સાધુએ નાગદત્તના મુખને જોઈને કાંઈક હસીને નીકળ્યા. હસતા મુનિને જોઈને નાગદત્ત પ્રિયાને કહે છે— 'હે સ્ત્રી, આ મુનિ મને જોઈને હસીને ગયા તેમાં શું કારણ છે? થઅવા હસવાના સ્વભાવવાળા તે છે. સવારમાં પણ ચિતારાઓને વિવિધ ચિત્રો કરવા માટે પ્રેરણા આપતા મને જોઈને હસેલા. હમણાં પણ હસીને ગયા.

યશોમતી બોલે છે—'હે નાથ, કારણ વિના મુનિઓ કદાપિ હસતા નથી, જરૂર કાંઈ પણ એમાં પ્રયોજન હશે. નાગદત્ત કહે છે—'ત્યારે જરૂર, હું મુનિ પાસે જઈને હસવાનું કારણ પૂછીશ, એમ બોલીને ભોજન કરીને દુકાને ગયા.

નમતે પહોરે દુકાને બેઠેલો નાગદત્ત લે, વેચ કરતો હતો, ત્યારે રાજમાર્ગમાં એક બકરાને લઈને જતા ચંડાલના હાથમાંથી છૂટીને બકરો દુકાનમાં રહેલા તે નાગદત્તને જોઈને તેની દુકાનમાં ચઢી ગયો. બકરાને લેવા માટે ચંડાલ પણ દુકાને આવીને નાગદત્તને કહે—'આ બકરો અમારો છે. તેથી મને આપો. જો તેની ઉપર દયા આવે તો તેનું

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



યોગ્ય મૂલ્ય આપીને લઈ લો? ચંડાલને જોઈને ભયભીત થયેલો તે બકરો બેં બેં કરતો દુકાનની અંદરના ભાગમાં પેઠો શેઠના નોકરોએ પણ અંદર પ્રવેશીને લાકડી વડે તેને મારીને બહાર કાઢવા છતાં પણ તે અંદર અંદર પેસે છે. ત્યારે નાગદત્ત પોતે ઉઠીને તે બકરાનો કાન પકડીને જોરથી દુકાન ઉપરથી ઉતારે છે. નિર્દય તે વિચારે છે.—'આમ કેટલા જીવને હું બચાવું? આમ જીવોના રક્ષણમાં મારૂં ધન પણ ખલાસ થઈ જાય, ચંડાલ પણ હંમેશા એમ કરે તેથી બહાર કાઢવો જ સારો.

એમ વિચાર કરીને બેં બેં કરતા તેને દુકાનમાંથી બહાર કાઢ્યો કાઢી મૂકાય છે એથી જ આંસુ સારતો, શેઠ સન્મુખ જોઈને—'હે દયાળુ ઉત્તમ શેઠ! આ ચંડાલના હાથથી મને છોડાવો, એમ મનમાં પ્રાર્થના કરતા બકરાને લઈને ચંડાલ ગયો,'' જયારે શેઠ દુકાનમાંથી બકરાને બહાર કાઢતા હતા ત્યારે તે ઉત્તમ સાધુ સ્થંડિલ માટે જતા ફરી પણ શેઠ તરફ કંઈક હસીને ગયા. ત્યારે નાગદત્ત પણ આ ત્રીજીવાર હસીને જતા મુનિને જોઈ વિચાર કરે છે. આ મુનિવર આજે ત્રણ વાર મળ્યા. ત્રણેય વાર હસીને ગયા. એમાં જરૂર કાંઈ પણ કારણ હશે તેથી ઉપાશ્રયે જઈને હસવાનું કારણ પૂછીશ? એમ વિચારીને દુકાનેથી ઘેર જઈ ભોજન કરી, રાતે ઉપાશ્રયે ગયો, સાધુને પ્રણામ કરી પૂછયું.

હે મુનિરાજ! આજે પ્રભાતકાળે ચિતારાઓને ચિત્ર કરવા માટે પ્રેરણા કરતા મને જોઈને શા માટે હસેલા? સર્વ સંસારી જીવો પોતાના ઘરના કામો શું નથી કરતાં? તો તમે શા કારણથી હસ્યા? એમ પૂછવાને હું આવ્યો છું. મુનિ કહે છે-'હે નાગદત્ત! તું ભોગ - વિલાસમાં આસકત, પોતાના આયુષ્ય સમાપ્તિને નહિ જોતો, ચિતારાઓને જુદા જુદા ચિત્રો કરવા માટે કહે છે પરંતુ આ મહેલમાં મારે કેટલો કાળ સુધી રહેવાનું છે તે તું વિચારતો નથી. એથી વિષયમાં આસકત જીવોની કેવા પ્રકારની સ્થિતિ છે, એમ જાણીને મારાથી હસાયેલું. નાગદત્ત પણ મુનિના વચનથી આયુષ્યને અલ્પ જોતો સાધુને પૂછે છે-'હે ભગવંત! મારૂં આયુષ્ય કેટલું બાકી છે?' મુનિ કહે છે.—'સાત દિવસનું બાકી છે. આજથી માંડીને સાતમે દિવસે સંધ્યાકાળે તું મૃત્યુ પામીશ.' નાગદત્ત પૂછે છે—'હે ભગવંત હું સમાધિથી કે અસમાધિથી મરણ પામીશ? મુનિવર કહે છે—'હે નાગદત્ત! આજથી પાંચમે દિવસે તારા માથામાં શૂળની પીડા થશે તે અસહ્ય શૂળ પીડા ત્રણ દિવસ ભોગવીને મરણ પામીશ? નાગદત્ત તે સાંભળીને મહાત્માની આગળ પોતાની જાતને હાસ્યપાત્ર ગણતો, પોતાની અસભ્ય પ્રવૃત્તિઓને ધિક્કારતો, આંખોમાંથી આંસુ સારતો સાધુને કહે છે—'હે ભગવન્! ખરેખર સાચું હું હસવા યોગ્ય થયો. દુર્લભ માનવભવ પામીને પૌદ્‌ગલિક સુખમાં રાચી રહેલા મેં કાંઈ પણ પરલોકની આરાધના ન કરી, મનુષ્ય ભવ ફોગટ ગુમાવ્યો. હવે હું શું કરું? એમ બોલીને રડતો મુનિના પગમાં પડ્યો. સાધુ પણ નાગદત્તને કહે છે—'હે શ્રાવક! જેમ જંગલમાં એક મોટું ઝાડ હોય છે, ત્યાં સંધ્યા સમયે દૂર દૂરથી આવીને પક્ષીઓ ડાળીઓ ઉપર રહે છે. ફરી પ્રભાત થયે છતે ઉડીને અન્યત્ર ચાલ્યા જાય છે. ફરી ભેગા મળે કે ન મળે એમ સંસારમાં એવા પ્રકારનો કુટુંબ મેળો જાણવો. પોતાની જ અર્થસાધનામાં તત્પર સર્વે સંસારી જીવો જાણવા. તું પણ આત્માના અર્થને સાધી લે.'

નાગદત્તે પંહેલીવારના હાસ્યનું કારણ જાણી પોતાની જાતને અધન્ય માનતો બીજીવારના હાસ્યનું કારણ પૂછે છે. ત્યારે મુનિ કહે છે—'હે નાગદત્ત! સ્ત્રી પુત્રાદિકમાં મૂઢ આત્મા સંસાર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સ્વરૂપ જાણતો નથી જેથી જેને તું પુત્ર માને છે, જે પુત્રથી આનંદિત થાય છે. જેના મૂત્રથી ભરેલું પણ ભોજન વહાલું ગણે છે તે તારો પુત્ર તેના ગયા ભવમાં તારી સ્ત્રીનો જાર પુરુષ હતો. સ્વરૂપ જાણ્યા પછી તારાથી આ મરાયો છતો મરીને તારી સ્ત્રીના પુત્રપણે ઉત્પન્ન થયો છે. તું શત્રુને પણ પ્રિય પુત્ર માને છે. તારો પુત્ર જ્યારે યુવાન થશે ત્યારે તે તારી ઘરવખરી સહિત ભવ્ય મહેલને વેચી દેશે. તારી સ્ત્રીને ઝેર આપીને મારી નાંખશે; તારો પુત્ર કુળમાં કુલાંગાર થશે.'' સંસારી જીવોની આવી સ્થિતિ છે. એમ વિચારીને મારાથી બીજીવાર પણ હસાયું.

આ સાંભળીને નાગદત્ત કહે છે—'હે પૂજ્ય ભગવંત! વ્યભિચારી સ્ત્રીના પુત્રપણે ઉત્પન્ન થયેલા શત્રુનું સ્વરૂપ જાણીને ખરેખર ભોગોથી હું છેતરાયો છું.'

હવે મને તે કહો, જે મારાથી દુકાનમાંથી બહાર કાઢતા બકરાને જોઈને તમે હસેલા.'

મુનિવર કહે છે—'હે નાગદત્ત! આ બકરો પૂર્વભવે તારો પિતા હતો, જે કારણથી મોટા પરિગ્રહની તૃષ્ણાથી તે મૂઢ આત્મા અનીતિથી ઘણું દ્રવ્ય એકઠું કરીને મરણ કાળે તને બધું દ્રવ્ય આપીને પાપકર્મથી આ બકરો થયો. જે કારણથી એણે પૂર્વ ભવમાં આ ચંડાલનું બધું દ્રવ્ય લઈને થોડો કપાસ આપેલો તેથી આ દેવું ચૂકવવા માટે આ ચંડાલના હાથમાં આવ્યો. આજે ચંડાલ આ બકરાને લઈ રાજમાર્ગમાં જતો હતો, ત્યારે આ બકરો પોતાની દુકાન અને પુત્ર નીરખીને જાતિસ્મરણ પામીને તારે શરણે આવ્યો. ચંડાલે ખરીદવા માટે કહ્યું તો પણ લોભમાં અંધ થયેલ તારાથી તે ન લેવાયો. તેથી મારા વડે હે નાગદત્ત! ત્રીજીવાર પણ હસાયું. એમ સાંભળીને મારાથી પિતા પણ ન બચાવાયા એમ પોતાને ધિક્કારતા જેણે જલ્દી ઉઠીને ચંડાલને ઘેર જઈને કહ્યું—'હે ચંડાલ! તારી ઈચ્છા મુજબ ધન લઈને બકરો મને આપ'' તેણે કહ્યું—'હે શેઠ તે હમણાં જ મારી નખાયો કેવી રીતે આપું? એમ સાંભળીને પોતાની નિંદા કરતો મુનિવરની પાસે જઈને પૂછે છે—'મારા પિતા મરણ પામીને કઈ ગતિમાં ગયા. મુનિ કહે છે—'શરણે આવેલા પિતાને નહીં રક્ષણ કરતા તને ધિક્કારતો આર્ત્ત રૌદ્ર ધ્યાનથી તે મરણ પામીને નરકમાં ગયો.' ત્યારે નાગદત્ત પિતાની દુર્ગતિ સાંભળીને નરકના દુઃખોથી ભય પામતો મુનિને કહે છે.—'હે ભગવંત! મને તારો, મને તારો. સાત દિવસમાં હું શું કરીશ? કેવી રીતે આત્માને તારીશ? હે દયાના ભંડાર! મને સન્માર્ગ બતાવો. મુનિવર કહે છે—'હે નાગદત્ત! એક દિવસના સંયમપાલનથી પણ ભવ્ય જીવ જરૂર વૈમાનિક થાય, તો શું સાત દિવસથી ન થાય? એમ સાંભળીને સંસારની અસારતા ચિંતવતો, સાતક્ષેત્રમાં પોતાનું દ્રવ્ય આપીને, જિનમંદિરમાં અઠ્ઠાઈ મહોત્સવ કરીને, એણે મુનિવરની પાસે સંયમ લીધું. અનશન વડે સુખથી ચાર દિવસ ગયા. પાચમા દિવસે તેના મસ્તકમાં મોટી શૂલની અસહ્ય વેદના ઉત્પન્ન થઈ. ગુરુવરના વચનામૃતની વૃષ્ટિથી સમભાવે વેદના સહન કરતો સમાધિથી કાળ કરીને વૈમાનિક દેવલોકમાં સૌધર્મકલ્પમાં દેવપણે ઉત્પન્ન થયો. એમ આયુષ્યના સાત દિવસ બાકી રહ્યે છતે પણ સંયમ પાળીને નાગદત્ત આરાધક થયો.

**ઉપદેશ—સંસારનું સ્વરૂપ દેખાડનારી નાગદત્તની કથા સાંભળીને કામ ભોગ વિગેરે છોડી દઈ શ્રેષ્ઠ સંયમ માર્ગમાં યત્ન કરો.**

*[પ્રાકૃત વિજ્ઞાન કથાઓ પુસ્તકમાંથી સાભાર]*

*રજૂઆત : મુકેશ સરવૈયા.*

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# O જીવન અને આનંદ O

*—લેખક બચ્ચુભાઈ વાડીલાલ શાહ.*

જીવન અને આનંદ--તેમાં આનંદ એ મનની એક પ્રકારની સ્થિતિ છે તેનો જીવનની સાથે કેવો અને કેટલો સંબંધ છે? એટલે કે જીવનમાં તેનું શું સ્થાન છે તે વિચારીએ.

આપણે જોઈ શકીએ છીએ કે બાળક કે વૃદ્ધ, કેળવાયેલ કે બિનકેળવાયેલ, સંસ્કારી કે ત્યાગી, દરેકને આનંદની જરૂર છે. આનંદ વગરનું જીવન શુષ્ક અને ભારરૂપ લાગે છે. બાલ્યાવસ્થામાં બાળકો--નિર્દોષ રમતો રમીને આનંદ કરે છે. વિદ્યાર્થી અવસ્થામાં કેટલાક સારામાં સારો અભ્યાસ કરવામાં આનંદ માને છે. જ્યારે કેટલાક તોફાનો તથા કુટેવો પોષવામાં આનંદ માને છે. યુવાવસ્થામાં દરેક પોતાની જુદી જુદી જાતની ઈચ્છાઓ તૃપ્ત કરવામાં આનંદ માને છે. કોઈક પોતાની કીર્તિ અને આબરૂ વધે તેવાં, કોઈક પરોપકારી કાર્યો કરી સંતોષ મેળવવામાં તો કોઈક તુચ્છ કાર્યો કરવામાં આનંદ માને છે. કોઈક ગમે તે ભોગે (ગમે તેવાં દયાહીન કાર્યોથી) પોતાની તિજોરીને છલોછલ ભરવામાં આનંદ માને છે. જ્યારે કોઈક વળી બાપે છલોછલ ભરેલ તિજોરીનું તળિયું શોધવાના પ્રયોગમાં આનંદ માને છે. વૃદ્ધાવસ્થામાં કોઈક યમનિયમ અને તપ–જપ વિગેરે ધાર્મિક કાર્યો કરી નિવૃત્તિમય સરવૈયું સરખું બનાવવામાં આનંદ માને છે. જ્યારે કેટલાક કેવળ બાહ્યાડંબર તરીકે આચારવિચાર વગરના નિષ્પ્રાણ ક્રિયાકાંડો કરી સ્વર્ગનું વિમાન તેમને માટે રીઝર્વ થશે જ એવી આશાઓ બાંધવામાં આનંદ માને છે. કોઈક ત્યાગી વૈરાગી આત્માઓ–મહાત્માઓ સિદ્ધસેનદિવાકર, ઉ.યશોવિજયજી મ., આનંદઘનજી, ચિદાનંદમહારાજ તથા યુગપ્રધાન હીરવિજયસૂરિ, કલિકાલસર્વજ્ઞ હેમચંદ્રાચાર્યજી ને આત્મારામજી મહારાજ તથા યોગનિષ્ઠ બુદ્ધિસાગરસૂરિશ્વરજી અને મહાત્મા ગાંધી અને જવાહરલાલ પંડિત જેવા પોતાનાં સર્વસ્વનાં ભોગે બીજાની સુખશાંતિ કે આનંદમાં પોતાનો આનંદ માને છે, જ્યારે કેટલાક સર્વના ભોગે પોતાનાં આનંદમાં સર્વનો આનંદ ગણી લે છે. ધારો કે આપણે મુસાફરીએ નીકળ્યા હોઈએ, તેમાં આપણી બધી સુખસગવડતાઓ સચવાય તેમાં આનંદ પડે કે અગવડો અથવા મુશ્કેલીઓમાં આપણાં બુદ્ધિ-બળનો ઉપયોગ કરવામાં ખરો આનંદ પડે? સીધી સપાટ જમીન ઉપર વાહનોમાં મુસાફરી કરવામાં આનંદ પડે, કે પર્વતો ખીણો વગેરે ઠેકાણે પગે ચાલીને મુસાફરી કરવામાં ખરો આનંદ પડે? આ પ્રશ્નોના જવાબો આપણે સમજી શકીએ તેમ છીએ તો પછી આ જીવન પણ એક મુસાફરી નથી? તેમાં આવતી અગવડો સગવડોમાં અગર મુશ્કેલીઓમાં આપણે શા માટે આનંદ ન માણી શકીએ? આનંદ એ કોઈ નક્કર વસ્તુ નથી પરંતુ મનની સ્થિતિ છે. જો આપણે બુદ્ધિપૂર્વક વિચારીએ તો આપણે માની લીધેલી સગવડતાંઓ અને મુશ્કેલીઓ જ આપણને ખરો આનંદ આપે છે, માટે આપણે જીવનમાં મુશ્કેલીભર્યાં કાર્યોને મુશ્કેલ નહિ ગણતા તેમાં બહાદુરીપૂર્વક સફળતા મેળવવામાં જ આનંદ માનવો જોઈએ. આપણે મહાન્ પુરુષોના જીવનચરિત્રોમાં જોઈ શકીએ છીએ કે મહાવીરસ્વામી ભગવાને અનેક સંકટો અને તપ--જપ કરી તેમના જીવનમાં જીવનધ્યેયો પાર પાડવામાં જ આનંદ માનેલો છે. આનંદ નિર્દોષ અને પવિત્ર હોવો જોઈએ. તે સ્વાર્થી ન હોવો જોઈએ. અને આપણો આનંદ ઘણાને આનંદ પમાડનારો હોવો જોઈએ. જીવન (આપણી મુસાફરી) એ એક આનંદ જ છે. જીવનની દરેક પ્રવૃત્તિ આનંદમય માનવી જોઈએ અને આનંદપૂર્વક જ કરવી જોઈએ. મહાત્માઓનાં જીવન આનંદમયમય હોય છે. તેનું કારણ પણ આ જ છે.

*[આત્માનંદ પ્રકાશ પુ.૫૩ માંથી]*

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



માણસો કેટલીક વખત એવી ભૂલ કરી બેસે છે કે
ભૂલ નજીવી હોવા છતાં તેના પરિણામો ઘણા જ માઠાં
આવે છે. એવી ભૂલમાં મુખ્યત્વે કારણભૂત ક્રોધ,
મિથ્યા આગ્રહી સ્વભાવ, અજ્ઞાન અને કૃપણતા
હોય છે તો પણ સમજવા છતાં ભૂલ કરે છે
ભગવાન એને સદ્બુદ્ધિ આપે....!

# મેસર્સ સુપર કાસ્ટ

૨૮૬, જી.આઈ.ડી.સી. ચિત્રા, ભાવનગર

**Manutacturer's of C.I. Casting. © : 2445428 – 2446598**

## Mfrs. Of Audio Cassettes & Components And Compect Disc Jewel Boxes

**JET ELECTRONICS**

Cassette House,
Plot No. 53/3b, Ringanwada,
Behind Fire force Station,
DAMAN (U.T.) - 396210

Tel : (0260) 22 42 809
(0260) 22 43 663
Fax : (0260) 22 42 803
E-mail : Jatinsha@giasbm01.vsnl.net.in

**JACOB ELECTRONICS PVT. LTD.**

48, Pravasi ind. Est.
Goregoan (E)
MUMBAI-400 069

Tel : (022) 28 75 47 46
Fax : (022) 28 74 90 32
E-mail : JetJacob@vsnl.com

**Remarks : Book Delivery at Daman Factory.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી જૈન આત્માનંદ સભા–ભાવનગર

# પરિપત્ર

## સામાન્ય સભાની મીટીંગ

સુજ્ઞ સભાસદ બંધુઓ–બહેનો,

આ સભાના સભ્યોની સામાન્ય સભાની બેઠક નીચે મુજબના કાર્યો માટે સંવત ૨૦૬૧ ના ફાગણ વદ-૨ ને રવિવાર તા. ૨૭-૩-૨૦૦૫ ના રોજ સવારના ૧૦-૦૦ કલાકે શ્રી આત્માનંદ ભુવનમાં શેઠ શ્રી ભોગીલાલ લેકચર હોલમાં મળશે, તો આપશ્રીને હાજર રહેવા વિનંતી છે.

(૧) તા. ૧૪-૩-૨૦૦૪ ના રોજ મળેલી સામાન્ય સભાની બેઠકની કાર્યવાહીની શુદ્ધ નોંધ વંચાણે લઈ મંજુર કરવા.

(૨) સને ૨૦૦૩-૨૦૦૪ના હિસાબો મંજુર કરવા. હિસાબો તથા સરવૈયા કારોબારી સમિતિએ મંજુર કરવા ભલામણ કરેલ છે.

(૩) તા. ૧૪-૨૦૦૪ થી તા. ૩૧-૩-૨૦૦૫ સુધીના હિસાબો ઓડીટ કરવા માટે ઓડિટરની નિમણુંક કરવા તથા તેનું મહેનતાણું નક્કી કરી મંજુરી આપવા.

(૪) આવતા ત્રણ વર્ષ માટે હોદ્દેદારો તથા વ્યવસ્થાપક સમિતિની ચૂંટણી કરવા.

(૫) પ્રમુખશ્રીની મંજુરીથી અન્ય કાંઈ રજુ થાય તે.

તા. ૨-૨-૨૦૦૫
શ્રી જૈન આત્માનંદ સભા
ખારગેઈટ, ભાવનગર

લિ.
મનહરલાલ કે. મહેતા
ચંદુલાલ ડી. વોરા
ચીમનલાલ વી. શાહ
માનદ્ મંત્રીઓ

તા. ક. (૧) કોરમના અભાવે મુલતવી રહેલ આ બેઠક બંધારણની કલમ ૧૧ મુજબ અડધા કલાક પછી ફરી મળશે અને તેને કોરમનો બાધ રહેશે નહી.

(૨) સને ૨૦૦૩-૨૦૦૪ના ઓડીટેડ હિસાબો સભાના ઓફીસ ટાઈમ દરમ્યાન તા. ૧૫-૨-૨૦૦૫ થી ૨૮-૨-૨૦૦૫ દરમ્યાન મેમ્બરશ્રીઓ જોઈ શકશે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જાન્યુઆરી-૨૦૦૫ ❑ RNI No. GUJGUJ/2000/4488 ❑ Regd. No. GBV 31

दुर्जनोद्बोधनामार्गो नहि तं प्रति धिक्कृतिः ।
परन्त्वान्तरसद्भावपूर्वकं प्रतिबोधनम् ॥

卐

દુર્જનને સમજાવવાનો માર્ગ તેના તરફ ધિક્કાર સેવવામાં નથી, પણ આન્તરિક સદ્ભાવપૂર્વક તેને સમજણ આપવામાં છે. ૭.

卐

The way of imporving a wicked man is not hateful behaviour to him, but it is advising him with goodmindedness. 7.

*(કલ્યાણભારતી ચેપ્ટર-૯, ગાથા-૭, પૃષ્ઠ-૧૯૩)*

卐

PRINTED MATTER. PRINTED BOOK ONLY.
POSTED UNDER CLOSE NO. 121 & 11 (7)
OF P. T. GUIDE

પ્રતિ,

FROM :
શ્રી આત્માનંદ પ્રકાશ
ઠે. શ્રી જૈન આત્માનંદ સભા,
ખારગેઈટ, ભાવનગર-૩૬૪૦૦૧
ફોન : (૦૨૭૮) ૨૫૨૧૬૯૮

તંત્રી : શ્રી પ્રમોદકાન્ત ખીમચંદ શાહ
મુદ્રક અને પ્રકાશક : 'શ્રી જૈન આત્માનંદ સભા, વતી શ્રી પ્રમોદકાંત ખીમચંદ શાહએ સ્મૃતિ ઓફસેટ, જૈન વિદ્યાર્થી ગૃહ કંપાઉન્ડ, સોનગઢ-૩૬૪૨૫૦માં છપાવેલ છે અને શ્રી જૈન આત્માનંદ સભા, ખારગેઈટ, ભાવનગરથી પ્રસિદ્ધ કરેલ છે.'

For Private And Personal Use Only